RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 232* Date: 19.06.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ઈતિહાસમાં પ્રથમવાર પુરીમાં જગતના નાથ આ વર્ષે નગરચર્યાએ નહી નીકળે

# રથયાત્રાઃ ‘પુરી’માં ‘સુપ્રિમ’ની રોક, અમદાવાદમાં પણ મોકૂફ રહેશે..?

*દિલ્હી/અમદાવાદ,તા.૧૮*

સુપ્રીમ કોર્ટ દ્વારા દેશ વ્યાપી વર્તમાન કોરોનાના સંકટ વચ્ચે ઓડિશામાં આગામી ૨૩ તારીખ યોજાનારી ઐતિહાસિક અને પારંપારિક ભગવાન જગન્નાથજી મંદિરની રથયાત્રા પર રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખીને આ રથયાત્રા પર રોક લગાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા જગન્નાથપુરીની રથયાત્રાને લઈને તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હતી. અત્યાર સુધીના ઈતિહાસમાં પહેલીવાર બનશે જયારે જગતના નાથ આ વર્ષે નગરચર્યાએ નહી નીકળે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે અમદાવાદ સહિત બીજા શહેરોમાં નીકળતી રથયાત્રા પર પણ સવાલ ઉભા થઈ શકે છે. કેમ કે સુપ્રિમની જેમ ગુજરાત હાઈકોર્ટમાં પણ અમદાવાદની ઐતિહાસિક રથયાત્રાને વર્તમાન પરિસ્થિતિને જોતાં મોકૂફ રાખવાની દાદ માંગતી રીટ અરજી કરી છે. તો બીજી તરફ





ગુજરાત સરકાર દ્વારા પણ રથયાત્રા યોજવાના મામલે પોલીસ બંદોબસ્ત સહિત કોઈ ખાસ તૈયારીઓ કરવામાં આવી નહોતી. અને સરકાર પણ કોરોનાના સંક્રમણને રોકવા રથયાત્રા મોકૂફ રાખવાના મતમાં છે ત્યારે .સુપ્રિમ કોર્ટે પૂરીની રથયાત્રા પર રોક લગાવતાં ગુજરાત સરકાર પણ તેનું કારણ આગળ ધરી શકે.

દેશમાં કોરોના વાયરસના પ્રકોપને જોતા સુપ્રીમ કોર્ટે પુરીની રથ યાત્રા પર રોક લગાવી દીધી છે. સુપ્રીમે કહ્યું કે જનહિત અને લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ વર્ષ માટે રથ યાત્રાને મંજુરી આપી શકીએ તેમ નથી.

ચીફ જસ્ટિસ શરદ અરવિંદ બોબડેએ સુનાવણી દરમિયાન કહ્યું કે જો અમે આ અંગે મંજૂરી આપીએ તો ભગવાન જગન્નાથ અમને માફ નહીં કરે. દેશમાં એક ભયંકર મહામારીના પગલે આવું આયોજન થઈ શકે નહીં. લોકોના હિત માટે આ આદેશ જરૂરી છે. ભગવાન જગન્નાથ મંદિરની આ યાત્રા આ વર્ષે ૨૩ જુનના રોજ નીકળવાની હતી.૯ ચાલનારી આ રથ યાત્રામાં દર વર્ષે અંદાજે ૧૦ લાખથી વધારે શ્રદ્ધાળુઓ ભાગ લે છે. આ દરમિયાન હજારોની સંખ્યામાં પોલીસ અને સુરક્ષા દળ તૈનાત રહે છે. કોરોના વાયરસ સંક્રમણના કારણે આ રથ યાત્રા પર રોક લગાવવામાં આવી છે, કારણ કે આ રથયાત્રામાં સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું શક્ય બની શકત નહીં. આ અગાઉ પહેલા એવું નક્કી કરવામાં આવ્યું હતું કે શ્રદ્ધાળુઓ વગર ૨૩ જૂનના રોજ રથયાત્રા નિકાળવામાં આવશે.

ભુવનેશ્વરના NGO ઓડિશા વિકાસ પરિષદ દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ અંગેની અરજી કરવામાં આવી હતી. અરજીમાં જણાવામાં આવ્યું હતું કે આ રથયાત્રા યોજાવાથી કોરોના ફેલવાનો ભય વધારે છે. અરજીકર્તાઓનો તર્ક હતો કે જો દિવાળીમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ લગાવી શકાય છે તો રથ યાત્રા પર કેમ નહીં. ઓડિશા સરકારે ૩૦ જૂન સુધી દરેક ધાર્મિક કાર્યક્રમ પર રોક લગાવી છે. એવામાં મંદિર પ્રશાસન દ્વારા શ્રદ્ધાળુઓ વગર રથયાત્રા નિકાળવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.ઓડિશામાં કોરોનાના ૪૩૩૮ કન્ફર્મ કેસ સામે આવી ચૂક્યા છે. જયારે ૧૧ લોકોના કોવિડ-૧૯થી મોત થયા છે. કુલ કેસ પૈકી ૩૦૪૭ લોકો સ્વસ્થ થઈ ગયા છે જયારે ૧૨૮૦ કેસ હજુ સુધી એક્ટિવ છે.

### છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ ૧૩,૧૦૭ પોઝિટિવ કેસ, ૩૪૧ના મોત

# દેશમાં કોરોનાના કુલ કેસ ૩.૬૬ લાખને પારઃ કુલ ૧૨,૨૬૩ના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૮*

કેન્દ્ર સરકારે અનલોક-૨માં રાજયોને વધુ છૂટછાટો આપવા સુચવ્યું છે ત્યારે અનલોક-૧માં કોરોનાના કેસો ઓછા થવાને બદલે વધી રહ્યાં છે. આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા પ્રમાણે, આજે ગુરૂવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન એટલે કે બુધવારે એક દિવસમાં સૌથી વધારે ૧૩ હજાર ૧૦૭ નવા દર્દી સામે આવ્યા અને ૩૪૧ લોકોના મોત થયા હતા. દેશમાં મૃત્યુઆંક ૧૨ હજાર ૨૬૩એ પહોંચ્યો હતો, જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૫૬૫૧ લોકોના મોત થયા હતા. દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૩ લાખ ૬૭ હજાર ૭૦૫ થઈ ગઈ છે.દિલ્હીમાં રેકોર્ડ ૨૪૧૪ અને ઉત્તરપ્રદેશમાં ૫૮૩ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. તમિલનાડુમાં સંક્રમિતોનો આંકડો ૫૦ હજારને પાર થઈ ગયો હતો. જે મહારાષ્ટ્ર પછી બીજુ સૌથી સંક્રમિત રાજય છે. દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૩ લાખ ૬૭ હજાર ૭૦૫ થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૧.૬૨ લાખ ટેસ્ટ કરાયા છે. આ સાથે દેશમાં અત્યાર સુધી ૬૨ લાખ ૪૯ હજાર ૬૬૮ સેમ્પલની તપાસ કરાઈ છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં પોલીસના ત્રણ કર્મચારીઓએ સંક્રમણના કારણે જીવ ગુમાવ્યા છે, જયારે ૨૮ જવાન પોઝિટિવ મળી આવ્યા છે. આ સાથે જ અત્યાર સુધી મહારાષ્ટ્ર પોલીસના કર્મચારીઓ સાથે જોડાયેલા કુલ ૩,૬૮૯ કેસ સામે આવી ચુક્યા છે. જેમાં ૧૦૩૩ એક્ટિવ કેસ છે અને ૨,૬૧૧ સાજા થઈ ગયા છે. અત્યાર સુધી ૪૫ લોકોના મોત થયા છે.

ઉત્તરપ્રદેશમાં બુધવારે કોરોનાના ૫૮૩ દર્દી વધ્યા હતા અને ૩૦ લોકોના મોત થયા હતા. લખનઉમાં ૭૪, ગૌતમબુદ્ધનગરમાં ૫૪, મેરઠમાં ૪૪ પોઝિટિવ મળ્યા હતા. રાજયમાં સંક્રમિતોની સંખ્યા ૧૫ હજાર ૧૮૧ થઈ ગઈ છે. જેમાંથી ૫૪૭૭ દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોનાથી અત્યાર સુધી ૪૬૫ લોકોના મોત થયા છે. રિકવરી રેટ ૬૧% સુધી પહોંચી ગયો છે.

બિહારમાં બુધવારે ૧૩૦ નવા સંક્રમિત મળ્યા હતા જો કે એક પણ મોત નથી થયું. આ સાથે જ દર્દીઓની સંખ્યા ૬૯૪૦ થઈ ગઈ હતી, જેમાંથી ૨૧૨૫ એક્ટિવ કેસ છે. સાથે જ અત્યાર સુધી ૩૯ દર્દીઓના મોત થયા છે. રાજયમાં અત્યાર સુધી એક લાખ ૨૭ હજાર ૮૬ સેમ્પલની તપાસ થઈ છે.દરમ્યાનમાં એક અહેવાલ પ્રમાણે, કેન્દ્રીય તપાસ એજન્સીમાં ચાર મહિલા કર્મચારી કોરોના



પોઝિટિવ મળી આવી છે. આ સાથે જ અત્યાર સુધી એજન્સીમાં ૮ લોકો સંક્રમિત થયા છે. આ પહેલા બુધવારે સાંજે દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો જયારે મંગળવારે તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. આમ આદમી પાર્ટી-આપના ધારાસભ્ય આતિશી પણ કોરોના સંક્રમિત મળી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ઈત્નઢ નેતા રઘુવંશ પ્રસાદ સિંહ પણ કોરોનાના સંકજામાં આવી ગયા છે. સાથે જ કેન્દ્રના આદેશ પર દિલ્હીમાં કોરોનાની તપાસ ફી હવે ૨૪૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે.

રાજસ્થાનમાં બુધવારે કોરોનાના ૩૨૬ નવા કેસ બહાર આવ્યા અને પાંચ લોકોના મોત થયા હતા. જયપુરમાં ૬૦, ધૌલપુરમાં ૫૫ અને જોધપુરમાં ૩૫ કેસ વધ્યા હતા. રાજયમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧૩,૫૪૨એ પહોંચી ગયો છે. જેમાંથી ૨૭૬૨ એક્ટિવ કેસ છે. મૃત્યુઆંક ૩૧૩ થઈ ગયો છે.

જ્યાં સૌથી વધુ કેસ છે તે મહારાષ્ટ્રમાં બુધવારે ૩૩૦૭ દર્દી વધ્યા અને ૧૧૪એ જીવ ગુમાવ્યા હતા. મુંબઈમાં ૧૩૬૫, થાણેમાં ૮૩૯ અને પૂણેમાં ૩૬૨ કેસ વધ્યા હતા. રાજયમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૧ લાખ ૧૬ હજાર ૭૫૨એ પહોંચી ગયો હતો. જેમાંથી ૫૧,૯૨૨ એક્ટિવ દર્દી છે. કોરોનાથી અત્યાર સુધી ૫૬૫૧ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં મૃત્યુદર વધીને ૩.૩૫% થઈ ગયો છે.

### વડાપ્રધાને કોમર્શિયલ માઈનિંગ માટે કોલસાની ૪૧ ખાણોની હરાજી શરૂ કરી

# ભારત સંકટમાં રડવા બેસનારાઓનો દેશ નથી, આપત્તિઓને અવસરમાં ફેરવીશુઃ મોદી

*ન્યુ દિલ્હી,તા.૧૮*

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા કોમર્શિયલ માઈનિંગ માટે કોલસાની ૪૧ ખાણોની હરાજીની પ્રક્રિયા શરૂ કરી હતી. તેમણે કહ્યું કે ૨૦૩૦ સુધીમાં અમારું લક્ષ્ય આશરે ૧૦૦ મિલિયન ટન કોલસાને ગેસમાં રૂપાંતરિત કરવાનું છે. આ માટે આશરે રૂ. ૨૦ હજાર કરોડનું રોકાણ કરવામાં આવશે. આ દરમિયાન વડા પ્રધાને કહ્યું કે, ભારત કોરોના સામે લડશે અને આગળ પણ વધશે. ભારત આ મોટી આફતને એક અવસરમાં ફેરવશે. કોરોનાની આ કટોકટીએ ભારતને આત્મનિર્ભર ભારત બનવાની સીખ આપી છે.

તેમણે કહ્યું કે આત્મનિર્ભર ભારત એટલે કે ભારત આયાત પરની તેની નિર્ભરતા ઘટાડશે. આત્મનિર્ભર ભારત એટલે ભારત કરોડો રૂપિયાનું વિદેશી વિનિમયની બચત કરશે. આત્મનિર્ભર ભારતનો અર્થ એ છે કે ભારતે આયાત ન કરાવી પડે અને તેના માટે તે તેના પોતાના દેશમાં સાધનો અને સંસાધનોનો વિકાસ કરશે.

મોદીએ કહ્યું- એક મહિનાની અંદર, દરેક જાહેરાતો, દરેક સુધારા, તે કૃષિ ક્ષેત્રમાં હોય કે પછી ભલે MSME ક્ષેત્રમાં હોય કે હવે કોલસા અને ખાણકામ ક્ષેત્રમાં, આપણે ઝડપથી તેનો અમલ કરી રહ્યા છીએ. તે બતાવે છે કે ભારત આ સંકટને તકમાં ફેરવવા માટે કેટલું ગંભીર છે. આજે, અમે ફક્ત કોમર્શિયલ કોલના ખાણકામ માટે જ હરાજી શરૂ કરી રહ્યા છીએ, પરંતુ કોલ સેકટરને દાયકાના લોકડાઉનમાંથી પણ બહાર કાઢી રહ્યા છીએ.

પ્રધાનમંત્રીએ કહ્યું- ૨૦૧૪ પછી, અમે કોલસા ક્ષેત્રે ઘણા સુધારા કર્યા છે. અમે ફક્ત એવા સુધારા કર્યા છે, જેની ચર્ચા દાયકાઓથી થઈ રહી હતી. હવે ભારતે કોલ એન્ડ માઈનિંગ ક્ષેત્રને કોમ્પિટિશન માટે અને પાર્ટીસીપેશન માટે ખોલવાનો નિર્ણય કર્યો છે. નવા ખેલાડીઓએ કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો ન કરવો પડે તેનું પણ ધ્યાન રાખ્યું છે. મિનરલ્સ અને માઈનિંગ એ આપણા અર્થતંત્રના મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. આ નિર્ણય પછી, સમગ્ર કોલ સેક્ટર આત્મનિર્ભર બનશે. હવે આ સેક્ટર માટે બજાર ખુલ્યું છે. જેને જેટલી જરૂર હશે તે મુજબ ખરીદશે.

મોદીએ કહ્યું- અમે કરેલા સુધારાની અસર અન્ય ક્ષેત્રમાં પણ થશે. જ્યારે કોલસાના ઉત્પાદનમાં વધારો થાય છે, ખાતર, સિમેન્ટ અને તમામ ક્ષેત્રો પર હકારાત્મક અસર પડે છે. સદનસીબે, આપણી પાસે કોલસો, લોખંડ અને બોક્સાઈટનો ભંડાર એકબીજાની નજીક છે. એવું લાગે છે કે ભગવાને આપણા માટે ક્લસ્ટર બનાવ્યા છે. કોલ માઈનિંગ રિફોર્મ્સની સાથે મિનરલ્સ માટે થયેલા રિફોર્મ્સ જોડાઈ આ બધાજ સેક્ટર્સ મજબૂત બન્યા છે.વડા પ્રધાને કહ્યું- થોડા અઠવાડિયા પહેલા અમે બહારથી N95 માસ્ક, PPE કિટ્સ અને અન્ય જરૂરી ચીજો ખરીદતા હતા, પરંતુ હવે ભારત મેક ઈન ઈન્ડિયા સાથે તેની માગને પહોંચી વળી રહ્યું છે. ટૂંક સમયમાં આપણે મહત્વપૂર્ણ મેડીકલ કેર એક્સપોર્ટર પણ બનીશું. તમારો આત્મવિશ્વાસ બુલંદ રાખો, આપણે બધા મળીને આ સ્વપ્ન પૂરા કરી શકીએ છીએ. ૧૩૦ કરોડ ભારતીયોનો સંકલ્પ છે કે આપણે આત્મનિર્ભર બની શકીએ છીએ.

# ગાંધીનગર મહાપાલિકાના હદ વિસ્તરણના નિર્ણયને આવકારતા મેયર રીટાબેન પટેલ

### ગ્રામ્ય વિસ્તારોને પાટનગર જેવી સુવિધા આપવા મહાપાલિકા તંત્ર કટીબદ્ધઃ રીટાબેન પટેલ

ગાંધીનગરઃ

ગાંધીનગર મહાપાલિકાના હદ વિસ્તરણ માટે ચાલતી કવાયત બાદ રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે હકારાત્મક નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. પેથાપુર નગરપાલિકા વિસ્તાર, શહેર ફરતેના ૧૮ ગામ અને અન્ય ૭ ગામના કેટલાક વિસ્તારને ગાંધીનગર મહાપાલિકામાં સમાવવા માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગાંધીનગરના મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા સરકારના નિર્ણયને આવકારવા સાથે ગ્રામ્ય વિકાસના દ્વારા ખોલી દેવા બદલ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ, રાજ્યના




મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને મહેસૂલ તથા ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલનો આભાર માનવામાં આવ્યો હતો.

મેયરશ્રી રીટાબેન પટેલે જણાવ્યું કે ગાંધીનગર મહાપાલિકા વિસ્તારમાં ભેળવવામાં આવેલા આ નવા વિસ્તારોના વિકાસ માટે મહાપાલિકા તંત્ર કટીબદ્ધ છે. પાટનગરમાં જેવી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ છે. તેવી સટીક સુવિધાઓ આગામી સમયમાં નવા ઉમેરાયેલા વિસ્તારોમાં આપવામાં આવશે. તેમાં પીવાના પાણી, ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થાપન, રસ્તા, સ્ટ્રીટલાઈટ, સિટી સર્વેલન્સની સુરક્ષા અને જરૂરી સેવા સંસાધનનો સમાવેશ તેમાં કરવામાં આવશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૧૦**

**રાજયમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૫૬૫૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૩૧**

**રાજયમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૮૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૭૮૨૭**

# ૮ વર્ષ બાદ ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું અસ્થાયી સદસ્ય બન્યું

*યુએન,તા.૧૮*

ભારત ૮મી વાર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યું છે. નિર્વિરોધ ચૂંટાઈ આવ્યાં બાદ હવે ભારત ૨૦૨૧-૨૦૨૨ના કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્રની સર્વોચ્ચ સંસ્થાનો અસ્થાયી સભ્ય બન્યું. ૧૯૩ સભ્યની સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પોતાના ૭૫મા સત્ર માટે અધ્યક્ષ, સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્યો અને આર્થિક તથા સામાજિક પરિષદના સભ્યો માટે ચૂંટણી યોજી હતી. ભારતની સાથે સાથે આયરલેન્ડ, મેક્સિકો અને નોર્વેને પણ સુરક્ષા પરિષદમાં એન્ટ્રી મળી છે. જ્યારે કેનેડાએ બહાર રહેવું પડશે. આ અગાઉ૧૯૫૦-૫૧, ૧૯૬૭-૬૮, ૧૯૭૨-૭૩, ૧૯૭૭-૭૮, ૧૮૮૪-૮૫, ૧૯૯૧-૯૨, અને ૨૦૧૧-૧૨માં ભારત આ જવાબદારી નિભાવી ચૂક્યું છે. સુરક્ષા પરિષદમાં હાજરીથી કોઈ પણ દેશનો યુએન પ્રણાલીમાં હસ્તક્ષેપ અને દબદબાનો દાયરો વધી જાય છે. આવામાં ૮ વર્ષ બાદ ભારતનું સુરક્ષા પરિષદમાં પહોંચવું ખુબ મહત્વ ધરાવે છે.

જીત બાદ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ ટીએસ તિરૂમૂર્તિએ કહ્યું કે ભારત નેતૃત્વ કરવાનું ચાલુ રાખશે અને એક સારી બહુપક્ષીય વ્યવસ્થાને નવી દિશા આપશે. ભારતને ૧૯૨ બેલેટ મતમાંથી ૧૮૪ મત મળ્યાં. તિરૂમૂર્તિએ કહ્યું કે હું ખુબ ખુશ છું કે ભારતને વર્ષ ૨૦૨૧-૨૨ માટે ‍ેંદ્વજીઝના અસ્થાયી સભ્ય તરીકે ચૂંટી લેવાયુ છે. ભારતને ભારે સમર્થન મળ્યું છે અને સંયુક્ત રાષ્ટ્રના સભ્યોએ જે વિશ્વાસ જતાવ્યો છે તેનાથી વિનમ્ર મહેસૂસ કરી રહ્યો છું.

## તંત્રી સ્થાનેથી...

# ચીન પ્રમુખ જીન પીગે મિત્રતા ભુલીને ભારતની પીઠમાં ખંજર શા માટે ભોક્યુ.....?

દેશમાં કોરોનાએ તમામ બિઝનેસ ક્ષેત્રો સાથે સમગ્ર માનવજાત માટે મુશ્કેલીઓનો ખડકલો કરી દીધો છે.જે તે રાજ્યો કે કેન્દ્ર સરકાર કેમ બાકી રહી જાય......? કેન્દ્ર સરકાર સહિત તમામ રાજ્ય સરકારોએ કોરોના નાથવા માટે જરૂરી તમામ પ્રકારના પગલા લીધા.... પરંતુ પરપ્રાંતીઓને સહાય કે મદદ કરવામાં કાચું કપાયું.....! તે હકીકત છે... નહી તો જે તે રાજ્યમાં રોજી રોટી કમાવવા માટે આવેલા કે ગયેલા પરપ્રાંતીઓ તકલીફ ઉઠાવીને કે વેઠીને પોતાના વતન ગયા ન હોત.... એ વાત સ્વીકારવી રહી. તો કેન્દ્ર સરકારને એવા સલાહકારો મળ્યા છે કે દેશના અર્થતંત્રને કઈ રીતે દોડતું કરી શકાય તેનો એકડો પણ જાણતા નથી......! તેવુ હવે આમ પ્રજા કહેવા લાગી છે....આવા સલાહકારોની વિચાર્યા વગરની જમીની સ્તરની હકીકતો જાણ્યા કે સમજ્યા વગર આપેલી સલાહનો કેન્દ્ર સરકારે અમલ કર્યો જેના પરિણામો દેશભરની પ્રજા ભોગવી રહી છે....!! ખરેખર દેશનો મજબૂત પાયો ગણાય તેવા મહેનત- મજૂરી કરતા લોકોને, મધ્યમવર્ગને, ખેડૂત વર્ગ અને તે સાથે ગ્રામ્ય કક્ષાએ જોડાયેલા અને ગામડાઓ પર નભતા નાના- મોટા વિવિધ કારખાનાઓ, બજારો, ધંધાર્થીઓને આર્થિક સહાય સીધી સીધી પહોંચાડવી જરૂરી હતી... પરંતુ એસી ચેમ્બરમાં બેઠા બેઠા નિર્ણયો લેવા સાથે સરકારને સલાહ આપતા સલાહકારોને માત્ર ને માત્ર મોટા ઉદ્યોગ ગૃહો,મોટા માર્કેટો સિવાય કશું જ નજરે ચડતુ ન હતું....!! અને તમામ પ્રકારની નાણાકીય સહાય-લાભો તેમના માટે ખોલી નાખ્યા.... પરંતુ મોટા ઉદ્યોગ ગૃહો, મોટા માર્કેટો મોટા ધંધાર્થીઓના પાયામાં કોણ છે તેને સમજી નથી શક્યા.....! પરિણામે દેશની આર્થિક ગાડી પાટા પર ક્યારે દોડશે તે કોઈ કહી શકે તેમ નથી....તેવુ આમ લોકો અને બજારોના જાણકારોનુ માનવુ છે તો સરકારે હવે દેશની ઉન્નતિ માટે દેશના વિકાસ માટે હાલના સલાહકારોને કે આર્થિક સલાહકારોને એક તરફ ધકેલીને દેશની ઉન્નતિ માટે-દેશના અગાઉના શાસકોએ આર્થિક કટોકટી નાથવા જે પગલાં લીધા હતા તેનો અભ્યાસ કરી તે સમયના સત્તાધારી સલાહકારો કે નિષ્ણાતોની સલાહ લેવી જરૂરી છે.....!નહી તો દેશના અર્થતંત્રની ગાડી વધુ પ્રમાણમા નીચલા સ્તરે પહોચી જાય તેવી સંભાવના વધુ છે તેવુ માર્કેટ જાણકારોનુ માનવું છે.....!!

ચીને ભારતની સરહદ પર જે ઉંબાડિયું કર્યુ છે તે ખરેખર તો ચીનના લુચ્ચા પ્રમુખ જિનપિંગની મોટી ચાલબાજી છે... કારણ કે ચીનમાં જુદા જુદા ક્ષેત્રોમાં મોટા પ્રમાણમાં જીનપીગના વિરોધમાં લોકો પ્રદર્શનો યોજી રહ્યા છે. અને હવે ચીનના લોકો તેમનાથી વાજ આવી ગયા છે....! અને હવે ચીનના વિવિધ ક્ષેત્રના લોકો એક જૂટ થઈ વિરોધ પ્રદર્શન કરવા લાગતા ચીનના પ્રમુખપદના સત્તાસ્થાને ટકી રહેવા ભારત સાથે ફરી એકવાર ૨૦૧૭માં અમદાવાદના સાબરમતી નદીના રિવરફ્રન્ટ ખાતે મોદીજી સાથે હસતા મોઢે હીંચકા ખાધા તે વાત ભુલીને હિન્દી-ચીની ભાઈ-ભાઈ કહીને જે દગાખોરી કરી ભારતની પીઠમાં ખંજર ભોક્યુ હતું તેમ ફરી એકવાર જીનપીગ પોતાની સત્તા ટકાવી રાખવા ભારતને ચારે તરફથી ઘેરવાનો ખેલ પાડી દીધો છે. વિસ્તારવાદી ચીનની અન્ય દેશો સમજી રહ્યા છે પરંતુ નેપાળ અને પાકિસ્તાન જેવા પડોશી દેશો આ વાત સમજી શક્યા નથી.....! અને ભારતે પાળેલા આ દેશો સાપોની જેમ ફૂંફાડા મારી રહ્યા છે.....! ત્યારે ભારતનો એકમાત્ર અમેરિકા હિતેચ્છુ દેશ છે તેવા વમળમાંથી બહાર આવી ભારતના જૂના ખાસ મિત્ર રશિયા તરફ નજર દોડાવવાની જરૂર છે...... કારણ બ્રિટનની ચાલ હંમેશા ભારતને પછાડવાની રહી છે અને અમેરિકા તેનુ તલફદાર રહ્યુ છે.... તે વાત ઈન્દિરાજી સારી રીતે સમજી ગયા હતા. અને પાકિસ્તાનના ઊભા બે ફાડીયા કરી નાખ્યા તો અમેરિકાની ૩૦૦ ઉપરાત ટક્રોનુ કબ્રસ્તાન ભારતના લશ્કરે કરી નાખતા અમેરિકાની આબરૂ ધુળધાણી થઈ ગઈ હતી તે સાથે અમેરિકા હેબતાઈ ગયુ હતુ..... અમેરિકા પાકિસ્તાનનું સહયોગી હતું પરંતુ રશિયા એક સાચા મિત્ર તરીકે ભારતની મદદ આવતા અમેરિકાએ પારોઠના પગલાં ભરવા પડ્યા હતા તો ચીન પણ એ સમયે મૌન થઈ ગયું હતું.....હાલના સમયમા ચીનની આર્થિક સ્થિતિ વધુ પ્રમાણમા કથળવા લાગી છે....! વિશ્વમાં અનેક દેશો તેનો માલ સામાન ખરીદવાથી દૂર જવા લાગ્યા છે જે કારણે ચીનની આર્થિક હાલત બગડી ગઈ છે અને ત્યાના લોકો પણ ટ્રસ્ટ થઈ ગયા છે જે માટે ત્યાંના લોકો આ માટે જીન પીગને જવાબદાર માને છે... તે કારણે ત્યાંના લોકો મોટા પ્રમાણમાં જીનપીગનો વિરોધ કરી રહ્યા છે.... કદાચ પ્રમુખ પદ ગુમાવવું પડે તેવી સંભાવના વધી પડી છે.....! ત્યારે પોતાનું પ્રમુખ જાળવી રાખવા ભારત સામે શિંગડા ભરાવ્યા છે અને ઉબાડીયુ કરી નાખ્યુ છે જેના કારણે ભારતની પ્રજામા બેહદ રોષ ભભુકી ઉઠ્યો છે... ત્યારે ભારતે ચીની માલ સામાનનો બહિષ્કાર કરવા સાથે વળતો આકરો જવાબ આપવો જ પડશે તેવી દેશના લોકોની લાગણી છે.....! વંદે માતરમ્...

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૯/૦૬/૨૦૨૦, શુક્રવાર, જેઠ વદ-૧૩
સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ ભરણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૦૫થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૭ સુધી ૧૨-૪૮ થી શુભ-૧૪-૨૯ સુધી, ૧૭-૫૧ થી ચલ-૧૯-૩૨ સુધી, ૨૨-૧૦થી લાભ-૨૩-૨૯ સુધી<br>- શુભ હોરા-<br>૬-૦૫ થી ૯-૨૬ સુધી,૧૦-૩૪ થી ૧૧-૪૧ સુધી,૧૩-૫૬થી ૧૭-૧૭ સુધી,૧૮-૨૫ થી ૧૯-૩૨ સુધી |

# ચાણસ્મા તાલુકાની સગર્ભા સ્ત્રીઓ ને પૌષ્ટિક આહાર ની કીટો આપી



સામાન્ય રીતે કોઈ પણ વ્યક્તિ ઓ પૈસા કમાય એટલે કમાયેલા પૈસા મોજશોખ કે ભોતિક સુખ સુવિધા માટે વાપરતા હોય છે પરંતુ અહી તો માનવ સેવા એજ પ્રભુ સેવા ને જેમને જીવન મંત્ર બનાવ્યો છે એવા ચાણસ્મા તાલુકાના નાનકડા ગામ ના ઉષાબેન પટેલ તેમની વર્ષે નાના બીઝનેશ થકી થતી કમાણી માંથી જરુરીયાત મંદ લોકો ને અનાજ કે કરીયાણાની કીટો અથવા અન્ય રુપે મદદ કરી સાચા અર્થ માં સેવાર્થી બન્યા છે

કુપોષિત તા એ મોટી સમસ્યા છે આવનારા સંતાનો કુપોષિત ના જન્મે તે માટે સેવાર્થી ઉષાબહેન દ્વારા ચાણસ્મા તાલુકાની ૫૦૦ સગર્ભા મહિલા ઓ નો પોષ્ટિક આહાર મલી રહે તે માટે ચાણસ્મા ખાતે આવેલા ઈન્દીરા નગર ની આંગણવાડી ખાતે થી સર્વ પ્રથમ ૧૦ સગર્ભા મહિલાઓ ને લોક કલાકાર દિવ્યા બેન ચોધરી ની ઉપસ્થિતિ માં પોષ્ટિક આહાર કીટો નું વિતરણ કરવામાં આવ્યું હતું હાલમાં કોરોના વાયરસ ના કારણે સોશ્યલ ડિસ્ટન્સ જલવાય તેટલા માટે એક એક સગર્ભા મહિલા ને બોલાવી પ્રારંભિક તબક્કે ૧૦ સગર્ભા મહિલા ઓ ને કીટો નુ વિતરણ કરવામાં આવ્યું હતું તેમના ભાઈ નિકુલભાઇ ટીમના વિપુલ ભાઇ પવનભાઇ નો આ સેવા કીય પ્રવૃત્તિ માં સહયોગ રહ્યો હતો

સેવાર્થી ઉષાબેન પટેલ શું કહે છે માનવ સેવા એજ પ્રભુ અને જનહિતાય જન સુખાય ને સાચે જ સાર્થક કરતા સેવા જેને જીવન મંત્ર બનાવ્યો છે તેવા ઉષાબહેન તેમનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે માતા પિતા એ કહેલુ કે જીવન માં કોઈક ને ઉપયોગી થવું ?સેવા થી ઐશ્વર્ય નું ઉત્તમ સુખ મલે આ મારા માતા-પિતા ની પ્રેરણા થી વર્ષ માં નાના બીઝનેશ માં જે કમાણી થાય તેમાંથી જે બને તે જરુરી રાત મંદો ની સેવા કરું છું કુપોષિત તા એ. ચાણસ્મા તાલુકાની મોટી સમસ્યા છે આવનાર નવજાત શિશુ કુપોષિત ના જન્મે તે માટે ચાણસ્મા તાલુકાની ૫૦૦ સગર્ભા મહિલાઓ ને પોષણક્ષમ બસ કીટ આપવા ના સંકલ્પ ના ભાગ રુપે આજથી પ્રારંભ.(નિખિલ જોશી.ચાણસ્મા )

# હારીજ નગરપાલિકા કામગીરીમાં એકાએક અફડાતફડી

હારીજ હાઈવે રોડ નવીન કરણ કામગીરી માં અંડરગ્રાઉન્ડ ગટર કામગી અણઘડ રીતે કરવામાં આવતા નગર પાલીકાપ્રમુખ ની નગરના પાણી નિકાલ માટે એસ આર પી મહેસાણા ડીવીઝન નાયબ કાર્યપાલક ને લેખીત રજૂઆત રજૂઆત ના પગલે એસ આર પી મહેસાણા ડીવીઝન નાયબ કાર્યપાલક અધીકારી હારીજ ખાતે સ્થળ ઉપર આવી પરફેક્ટ કન્ટ્રક્સન પી.સી.સી રોડ ગટર કોન્ટ્રાક્ટર ને ઉધડો લઈ પાણીનો નિકાલ માટે વ્યવસ્થા કરવામાં આવે અને ગોકળ ગતિ એ ચાલતૃ ગટર કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેવા અદેશ કરવામાં આવ્યો છે ત્યારે રોડ કોન્ટ્રકટર દ્વાર ગોકળગતિ એ ચાલતા ગટર કામગીરીથી હારીજ હાઈવે રોડ ના દકાનદારો ભારે હાલાકી નો સામનો કરી રહયા છે કોન્ટ્રાક્ટર દ્વાર અણઘડ ખોદકામ કરી ગટર કામગીરી ગોકળ ગતિએ કરવામાં આવતા વાહન ચાલકો રાહદારીઓ ભારે મુશ્કેલીઓમાં મૂકાતા નગર પાલીકામા રજૂઆતો થતા હારીજ નગર પાલીકાપ્રમુખ ચંપાબેન ઠાકરદ્વારા તંત્રના જવાબદાર અધિકારીઓ ને લૈખીત રજૂઆત કરવામાં આવતા રજૂઆત ના પગલે આજે મહેસાણા ડીવીઝન હારીજ એન આર બી અધીકારી પી.સી સી રોડ કોન્ટ્રાક્ટર નગર પાલીકા ચિફ ઓફીસર વિગેરે અધીકારીઓ સ્થળ ઉપર આવી જાત નિરીક્ષણ કરી હારીજ નગર ના વરસાદી તેમજ ગટર પાણી નિકાલ કામગીરી નો ઝડપથી નિકાલ લાવવા ઉપરી અધીકારીઓએ ગટર રોડ કોન્ટ્રાક્ટર ને કડક ભાષામાં સૂચનાઓ આપી હતી

# મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનો રાજ્યની ૩ કરોડ ૩૬ લાખ ગરીબ-અંત્યોદય જન સંખ્યા માટે મહત્વપૂર્ણ સંવેદનાસ્પર્શી નિર્ણય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયના અંત્યોદય પરિવારોને અનાજ મેળવવામાં કોઇ તકલીફ ન પડે અને કોઈને ભૂખ્યા રહેવું ના પડે તેવા અંત્યોદય કલ્યાણ ભાવથી કોરોના વાયરસને પરિણામે સર્જાયેલી લોકડાઉનની સ્થિતિમાં એપ્રિલ અને મે મહિના દરમિયાન રાજયના ૬૮.૮૦ લાખ અંત્યોદય-ગરીબ પરિવારો સરળતાએ વિનામૂલ્યે અનાજ મળી રહે તેવી વ્યવસ્થાઓ સુનિશ્વિત કરી હતી.

હવે અનલોક-૧ અંતર્ગત જનજીવન પૂર્વવત થવા માડ્યું છે, ત્યારે આવા પરિવારોને આર્થિક સક્ષમતા મળે ત્યાં સુધી મુખ્યમંત્રીશ્રીએ વધુ એક સંવેદનાસ્પર્શી અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં “રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા” NFSA હેઠળ સમાવેશ કરાયેલા તથા અગ્રતા ધરાવતા પી.એચ.એચ એવા ૬૮.૮૦ લાખ અંત્યોદય પરિવારોના ૩ કરોડ ૩૬ લાખ લોકોને સતત ત્રીજીવાર જૂન મહિના માટે પણ વિનામુલ્યે અનાજ વિતરણનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, તા.૧૫મી જૂનથી રાજયની ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી આ અનાજ વિતરણનો પ્રારંભ થઇ ગયો છે. આ વિતરણ તા.૨૫મી જૂન સુધી ચાલવાનું છે.

સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું પાલન, ફરજિયાત માસ્કનો ઉપયોગ તથા ભીડભાડ ન થાય તેવી તકેદારી સાથે એન.એફ.એસ.એ હેઠળ સમાવેશ થયેલા ૬૮.૮૦ લાખ રેશન કાર્ડધારકોને સતત ત્રીજીવાર જૂન મહિનામાં પણ વિનામુલ્યે અનાજનું વિતરણ શરૂ થયું છે.

આ અનાજ વિતરણ વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે NFSA રેશન કાર્ડધારકોના કાર્ડ નંબરના છેલ્લા આંકડા મુજબ વિતરણના દિવસો નિર્ધારીત કરવામાં આવ્યા છે.

તા.૧૫મી જૂનથી શરૂ થયેલા આ વિનામૂલ્યે અનાજ વિતરણ અંતર્ગત ગુરૂવાર તા.૧૮મી જૂન સુધીમાં રાજયના ૨૩.૧૯ લાખ NFSA લાભાર્થીઓએ તેમને મળવાપાત્ર ઘઉં, ચોખા, ચણા દાળ, ખાંડ અને મીઠું મળી કુલ રૂ. ૪૭૫ કરોડ રૂપિયાનું અનાજ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી મેળવી લીધું છે. રાજયમાં આ અનાજ વિતરણ વ્યવસ્થા આગામી તા.૨૫મી જૂન સુધી ચાલુ રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ આ અગાઉ લોકડાઉન દરમિયાન એપ્રિલ અને મે મહિનામાં પણ આવા NFSA રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે ઘઉં, ચોખા, ખાંડ, દાળ અને મીઠાનું વિતરણ કરવાની સંવેદના દર્શાવી હતી.તે અંતર્ગત એપ્રિલ મહિનામાં રાજયના કુલ ૬૮.૮૦ લાખ NFSA લાભાર્થીઓમાંથી ૯૬ ટકા એટલે કે ૬૫.૭૨ લાખ અંત્યોદય-ગરીબ લોકોએ રૂ. ૫૦૬ કરોડની બજાર કિંમતના ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠાનો સમાવેશ થાય છે તેવું કુલ ૧.૯૪ લાખ મે.ટન અનાજ વિનામૂલ્યે મેળવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ત્યાર બાદ લોકડાઉનની સ્થિતીમાં કોઇને ભૂખ્યાં સુવુ ન પડે તેવા ભાવથી મે મહિનામાં પણ આવા NFSA પરિવારોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનો નિર્ણય કર્યો હતો.

તદઅનુસાર, કુલ ૯૭ ટકા એટલે કે ૬૫.૯૧ લાખ NFSA લાભાર્થીઓએ ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ૧.૮૭ લાખ મે.ટન અનાજ જેની બજાર કિંમત ૪૭૫ કરોડ રૂપિયા થવા જાય છે તે અનાજ પણ વિનામૂલ્યે મેળ્યુ હતું.

આમ, રાજયના ૬૮.૮૦ લાખ NFSA કાર્ડધારક લાભાર્થીઓને રૂ. ૯૮૧ કરોડની બજાર કિંમતનું ૩.૮૧ લાખ મે.ટન અનાજ એપ્રિલ અને મે મહિનામાં રાજ્ય સરકારે વિનામૂલ્યે પુરૂં પાડયું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજયમાં વસવાટ કરતા શ્રમિકો-મજદૂરો જેઓ રેશનકાર્ડ ધરાવતા નથી તેવા ૬.૩૮ લાખ લાભાર્થીઓને પણ ભૂખ્યા ન રહેવું પડે તેવા અભિગમથી ‘અન્નબ્રહ્મ-આત્મનિર્ભર ભારત’ અન્વયે એપ્રિલ અને મે મહિના દરમ્યાન ઘઉં, ચોખા, ચણા દાળ, ખાંડ અને મીઠું મળી ૪૪૦૦ મે.ટન અનાજ જેની બજાર કિંમત ૧૩.૭૬ કરોડ થાય છે તે અનાજ પણ વિનામૂલ્યે આપીને રાજ્યમાં કોઇ ભૂખ્યુ ન સૂવે, સૌના પેટનો ખાડો પૂરાય તેવી સંવેદના પણ દર્શાવી છે.

સી.એમ.પી.આર. ઓ/ અરુણ પટેલ

# વડગામના ઘોડીયાલ ગામના બી.એસ.એફ જવાનની અંતિમ યાત્રામાં ગામ આખુંય હિબકે ચડ્યું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ઘોડીયાલ ગામના વતની અને કોલકાત્તા ખાતે બી.એસ.એફ.માં ફરજ બજાવતા આશિષ કુમાર વશરામભાઇ વાલમિયાનું ફરજ દરમિયાન મૃત્યુ થતા આજે આ બી.એસ.એફ જવાનના પાર્થિવદેહને પ્લેન મારફતે અમદાવાદ એરપોર્ટ પર લવાયા બાદ માદરે વતન ઘોડીયાલ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જેમાં સમાજના આગેવાનો તેમજ પરિવારજનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જવાનની અંતિમયાત્રામાં જોડાયા હતા અને સૌ કોઈની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા.



દેશની સુરક્ષા કાજે સરહદ પર તૈનાત બી.એસ.એફના જવાનો પોતાના પરિવારની પણ ચિંતા કર્યા વગર દેશની રક્ષા માટે ખડેપગે સેવા આપતા હોય છે. તેમાં બનાસકાંઠા જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ યુવાનો દેશ માટે પોતાનું બલિદાન આપવા માટે તૈયાર હોય છે. તેવા જ વડગામ તાલુકાના ઘોડીયાલ ગામના વતની આશિષકુમાર વશરામભાઇ વાલમિયા નામના જવાન પણ કોલકાતા ખાતે ફરજ દરમ્યાન શહિદ થતા જવાનના પાર્થિવ દેહને પ્લેન મારફતે અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવેલ હતો અને આજે તેમના માદરે વતન વડગામ તાલુકાના ઘોડીયાલ ખાતે લાવી અંતિમવિધિ કરવામાં આવી હતી. દેશની સુરક્ષા કાજે સરહદ પર તૈનાત જવાનના મૃત્યુથી ગ્રામજનોમાં તેમજ તેમના પરિવારજનોમાં ઘેરા આઘાતની લાગણી પ્રસરી જવા પામી હતી. બી.એસ.એફ જવાનની અંતિમયાત્રામાં આખુ ગામ ઉમટ્યું હતું અને હિબકે ચઢ્યું હતું. આમ વડગામ તાલુકાના ઘોડીયાલ ગામના આ બી.એસ.એફ જવાનનું કોલકાતામાં ફરજ દરમિયાન મૃત્યુ થતા તેમના પાર્થિવદેહને આજે વતન ખાતે લાવવામાં આવતાં સન્માનભેર જવાનની અંતિમ વિધિ કરવામાં આવી હતી. આ અંગે પાર્થિવ દેહની સાથે આવેલા અધિકારીને પત્રકારોએ પૂછતાં તેમણે જણાવ્યું હતું કે અમારા ભાઈને સન્માનભેર તેના વતન ખાતે લાવી તેની અંતિમ વિધિ કરવાની અમારી જવાબદારી હતી તે અમે પૂર્ણ કરી છે. જો કે જવાનના મૃત્યુ અંગે કઈ અવસ્થામાં મૃત્યુ થયું તે બાબતે તેઓએ કંઇ પણ કહેવાનું ટાળ્યું હતું.

# ક્રૂડ તેલમાં ૫૮,૧૮,૮૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નોમિનલ સુધારોઃ નેચરલ ગેસ પણ વધ્યું

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૨૧૩૨ સોદામાં રૂ. ૧૨૧૬૬.૯૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૧૯૪૯.૯૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૧૭.૦૪ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૧૩૩ની નરમાઈ હતી. તમામ બિનલોહ ધાતુઓમાં વૃદ્ધિ વાયદાના ભાવમાં હતી. એનર્જી સેગ્મેન્ટમાં ક્રૂડ તેલમાં ૫૮,૧૮,૮૦૦ બેરલ્સના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં નોમિનલ સુધારો હતો. નેચરલ ગેસ પણ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં એલચી અને મેન્થા તેલમાં સાર્વત્રિક ઘટાડા સામે કોટન અને સીપીઓ સુધર્યા હતા.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૦૯૩૬ સોદાઓમાં રૂ. ૭૦૮૧.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૩૦૧ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૬૧૯ અને નીચામાં રૂ. ૪૭૧૭૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૫ ઘટીને રૂ. ૪૭૨૧૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૧૮૫ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૩૧ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૨ ઘટીને બંધમાં રૂ. ૪૭૨૨૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૧૫૧ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૬૭૮ અને નીચામાં રૂ. ૪૮૧૪૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૩ ઘટીને રૂ. ૪૮૩૦૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૧૦૫ ઘટીને રૂ. ૪૮૫૮૪ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૧૨૨ ઘટીને રૂ. ૪૮૫૬૨ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૮૮૧૩ સોદાઓમાં રૂ. ૨૩૭૭.૯૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૮૫૮ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૩૪ અને નીચામાં રૂ. ૨૮૪૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬ વધીને રૂ. ૨૯૧૩ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૬૬૪ સોદાઓમાં કુલ રૂ. ૧૩૦.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૪૦ અને નીચામાં રૂ. ૧૬૦૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૦ વધીને રૂ. ૧૬૦૬૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૯૧.૮ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૪ વધીને બંધમાં રૂ. ૬૯૭.૭ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૩૦૯.૫ ખૂલી, અંતે રૂ. ૪૦.૫ ઘટીને રૂ. ૧૩૦૯.૫ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૦૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦૧ અને નીચામાં રૂ. ૯૮૬ રહી, અંતે રૂ. ૯૯૩.૪ બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૯૦૩૦ સોદાઓમાં કુલ રૂ. ૪૪૮૪.૫૦ કરોડ ની કીમતનાં ૯૪૭૦.૭૬૫ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૧૯૦૬ સોદાઓમાં કુલ રૂ. ૨૫૯૭.૨૯ કરોડ ની કીમતનાં ૫૩૫.૬૦૩ ટન, ક્રૂડ તેલમાં ૪૧૭૫૮ સોદાઓમાં રૂ. ૧૬૮૨.૫૬ કરોડનાં ૫૮૧૮૮૦૦ બેરલ્સ, કોટનમાં ૩૫૦ સોદાઓમાં રૂ. ૧૭.૬૦ કરોડનાં ૧૦૯૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૨૨૮ સોદાઓમાં રૂ. ૧૦૬.૬૫ કરોડનાં ૧૫૬૪૦ ટન, એલચીમાં ૨ સોદાઓમાં રૂ. ૨.૬૨ લાખનાં ૦.૨ ટન, મેન્થા તેલમાં ૪૮ સોદાઓમાં રૂ. ૫.૩૬ કરોડનાં ૫૪ ટન, કપાસમાં ૩૬ સોદાઓમાં રૂ. ૭૮.૩૨ લાખનાં ૧૫૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૦૪૨.૬૨૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૦૯.૩૪૮ ટન, ક્રૂડ તેલમાં ૫૫૫૩ બેરલ્સ, કોટનમાં ૧૨૪૬૫૦ ગાંસડી, સીપીઓમાં ૬૭૩૭૦ ટન, એલચીમાં ૧ ટન, મેન્થા તેલમાં ૧૧૫.૫૬ ટન અને કપાસમાં ૧૭૬ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૧૭.૦૪ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૩.૪૦ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૫.૧૮ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૪.૮૨ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫૨૮ અને નીચામાં રૂ. ૪૨૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૩૨.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૨ ખૂલી, ઊપરમાં રૂ. ૨૪૫ અને નીચામાં રૂ. ૧૯૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૩૬ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૩૧ અને નીચામાં રૂ. ૨૪૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૭૦ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૩૧૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૯.૫ અને નીચામાં રૂ. ૨૨૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮૩.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૮૪ ખૂલી, ઊપરમાં રૂ. ૨૨૦.૮ અને નીચામાં રૂ. ૧૮૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૭.૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૫૨ ખૂલી, ઊપરમાં રૂ. ૨૬૧.૯ અને નીચામાં રૂ. ૨૦૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૩.૬ બંધ રહ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ..
# આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્યિક વિભાગ મા આજે નિર્ણાયક શ્રી ઓ ની રચના..બે બોલ...

-----------------------------------------------

ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપૂરિયા
સહ સંચાલક : પ્રણવ ઝા,મનીષ વોરા
નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક : આરતી મરચંટ,આરતી રામાણી

-----------------------------------------------

ગુજરાતી ભાષાના સંવર્ધન માટે નમ્ર અપીલ

નમસ્કાર, મિત્રો!

આજકાલ વિભિન્ન મીડિયામાં ગુજરાત બોર્ડના દસમા ધોરણના પરિણામની ચર્ચા છે. એક લાખ વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષામાં નાપાસ થયા છે અને આ ચોંકાવનારી હકીકત છે. ગુજરાતી શિક્ષણજગતના ધુરંધરોથી માંડી સોશિયલ મીડિયા પરના અદના ગુજરાતીઓ શિક્ષણપ્રથા પર બળાપો કાઢી રહ્યાં છે. હું, હરીશ દવે, એક રિટાયર્ડ સીનિયર સિટિઝન છું; ચૌદેક વર્ષોથી ઇન્ટરનેટ પર સક્રિય છું; ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓમાં મારી વેબ સાઇટ્સ તથા બ્લોગ્સ પ્રકાશિત થયેલ છે. જીવનના સાતમા દશકામાંય હું મારી ગુજરાતી ભાષાની અભિવ્યક્તિ સુધારવા પ્રયત્નશીલ છું. સ્વાભાવિક છે, હું ભાષાની સમસ્યાથી સારો એવો માહિતગાર છું. દસમા ધોરણના ચર્ચાસ્પદ પરિણામ માટે કારણભૂત પરિબળો ઘણાં છે. શિક્ષણવિદો અને વિદ્વાનોએ તેના પર ભરપૂર પ્રકાશ પાડ્યો છે તેથી હું તે તમામ મુદ્દાઓનું પુનરાવર્તન નહીં કરું. શિક્ષણસંસ્થાઓ અને શિક્ષણજગતના વધતા વ્યાપારીકરણમાં શિક્ષકની ભૂમિકા ધૂંધળી થતી જાય છે. વિદ્યાર્થી અને વાલીને તો અંધારામાં અથડાવા કૂટાવાનો જ વારો આવે છે. એકબીજા પર દોષારોપણની રમત ખૂબ ખેલી શકાય. આવી વાતો અર્થહીન છે.

આપણે, ગુજરાતી ભાષા જાણતા વયસ્કો, આપણી જ જાતને અરીસામાં નિહાળીએ તો? આપણે આપણી માતૃભાષાને ઉજાગર કરવા પ્રયત્નશીલ રહ્યા છીએ? ગુજરાતનાં બાળકોનું ગુજરાતીના જ્ઞાનનું ધોરણ નીચું ગયું તેમાં આપણે બધા વયસ્ક ગુજરાતીઓ જવાબદાર. આટલી સમજ તો હવે પડે છે. આમાં સૌથી વધારે જવાબદારી માતૃભાષાને તોડનાર મરોડનાર માસ મીડિયા કે જાહેર માધ્યમો જેવાં કે ટીવી, વર્તમાનપત્રો, સામયિકો, બ્લોગ્સ, સોશિયલ મીડિયાની.

ચાલો, પહેલો પ્રશ્ન જાતને જ: મેં મારી માતૃભાષાના સંવર્ધન માટે શું કર્યું? આપણાં બાળકો ગુજરાતી ભાષામાં નિષ્ફળ ગયાં. શા માટે?કારણ કે તેઓ પોતાના ઉત્તરોને, પોતાના વિચારોને ગુજરાતી ભાષામાં યોગ્ય રીતે વ્યક્ત ન કરી શક્યાં. પરીક્ષામાં બાળક સાચી રીતે ગુજરાતી ભાષા ન લખી શક્યું. હું એક વાલી તરીકે, શિક્ષક તરીકે, શિક્ષણશાસ્ત્રી તરીકે તેના પર તૂટી પડું છું. પરંતુ હું વિના ભૂલે સાચી રીતે ગુજરાતી ભાષા લખતાં જાણું છું? હું વયસ્ક ગુજરાતી છું – પચીસ કે પચાસ વરસનો! હું શુદ્ધ ગુજરાતી ભાષા જાણું છું? અરે! આવો પ્રશ્ન તો કદી થયો જ નહીં! હું ગુજરાતી બોલું છું, અને લખું પણ છું. પણ ખબર નથી કેવું! હું આવું કહીશ, એટલે સૌ અંગ્રેજી ભાષા પર તૂટી પડશે! અંગ્રેજીએ આપણી ભાષાનો દાટ વાળ્યો! ના, ભાઈ ના! અંગ્રેજીને તેના સ્થાને રહેવા દો! આપ આપની માતૃભાષા પ્રતિ કેટલા સંનિષ્ઠ રહ્યા તે મહત્વનું છે.આપણે અંગ્રેજી ભાષા શુદ્ધ રીતે લખવા સભાન રહ્યા છીએ, પણ દોષરહિત માતૃભાષા લખવા કૃતનિશ્ચયી રહ્યા છીએ? હા, ગુજરાતી ભાષા પ્રત્યેની મારી નિષ્ઠામાં ઓટ તો જરૂર આવી છે. ગુજરાતી ભાષામાં હું જ અધકચરો, તો મારા બાળક પાસેથી શી અપેક્ષા રાખું? અરે ભાઈ! મને તો ગુજરાતી ભાષા ગમે છે. હું તો ગુજરાતી કાર્યક્રમોમાં જાઉં છું, મુશાયરાઓમાં જઈને ગુજરાતી ગઝલો પણ સાંભળું છું! વોટ્સ એપ પર ગુજરાતી ગ્રુપોમાં જોડાઉં છું. તો હું અધકચરો કેમ? હવે આપણે મુદ્દા પર આવીએ છીએ. ‘૮૦ના દાયકા પછી શિક્ષણજગતમાં અંગ્રેજી માધ્યમનો એવો પવન ફુંકાયો કે તેમાં ગુજરાતી ભાષાની મહત્તા ગબડતી ચાલી! વાત અંગ્રેજી ભાષાની ઘેલછાની જ ન હતી, પણ ગુજરાતી ભાષાની અવગણનાની હતી. એકવીસમી સદીના ઉદયે ઇન્ટરનેટ અને મોબાઇલ સેવાઓનો વિસ્ફોટ થયો અને આપણે આપણી અભિવ્યક્તિને મરોડી નાખી; આપણી ભાષાને ધમરોળી નાખી! વિશ્વની બારીમાં ડોકિયું કરવા અંગ્રેજી મદદરૂપ; દુનિયાની તેજ રફ્તાર પર સવાર થવા ટેકનોલોજી પણ મદદરૂપ! તેમાં કોઈ બેમત નહીં! તો ખોટું શું થયું? ખોટું અંગ્રેજીએ નહીં, ટેક્નોલોજીએ નહીં, પરંતુ આપણે કર્યું! એક ઉન્માદમાં આપણે આપણી માતૃભાષાનું ચીરહરણ કરવા લાગ્યાં! ‘બ્લોગિંગ’ અને ‘સોશિયલ મીડિયા’ જેવાં રૂડાં નામ ધરાવતાં માધ્યમોમાં આપણે ભાષાને મારી-મચડીને સ્વચ્છંદે વાપરવા લાગ્યાં! તેમાં વર્તમાનપત્રો અને ટીવી જેવાં અન્ય માધ્યમો જોડાયાં. ગુજરાતી ભાષા તેનો ભોગ બની ગઈ! પ્રશ્ન ઊઠશેઃ એમાં બાળકોનું ગુજરાતી કેવી રીતે બગડશે? વચારીએ. મારે ગુજરાતી ભાષાની ગરિમા વધારવી છે. મને માતૃભાષા પ્રત્યે અનહદ પ્રેમ, પણ ગુજરાતી વાંચવું નથી ગમતું! મને વાંચવાની ભારે આળસ, પણ લખવાનો શોખ. મેં મારા આનંદ માટે મને સૂઝ્યું તેવું જાહેર માધ્યમો પર - સોશ્યલ મીડિયા પર ઝટપટ લખ્યું.. તેમાં વર્તમાનપત્રો, બ્લોગ્સ અને અન્ય બધાં માધ્યમો આવી ગયાં. અહીં, ત્યાં, બધે જ મને આવડી તેવી અધકચરી ગુજરાતી ભાષામાં લખી નાખ્યું! સૌએ તે વાંચ્યું; બાળકોએ પણ તે વાંચ્યું! બિચારાં વાચકોને કેવી રીતે સમજાવું કે મેં તો મને આવડે તેવી ગુજરાતીમાં લખી નાખ્યું છે!

જેવું વાંચ્યું, તેવું બાળક શીખ્યું! અને હવે હું બાળકને ધમકાવું છુંઃ ગુજરાતીમાં પાસ નથી થતો! શરમ આવવી જોઈએ તને! તો હું લખવાનું છોડી દઉં? અભિવ્યક્તિ મારો અધિકાર છે. હું મારી ખુશી માટે લખું છું! હું મન ફાવે તેમ લખું! ન વાંચવું હોય તે ન વાંચે! અરે! આ હું શું બોલ્યો! હું જાહેર માધ્યમ પર લખીશ તો બધાં જ વાંચશે! આ તો ધર્મસંકટ!

મારે લખવાનું બંધ કરવાનું? ના, આપણે બધાં ભૂલ ભરેલી ગુજરાતી ભાષા વાપરવા લાગ્યાં છીએ તે સ્વીકારવાનું. આપણે રાતોરાત સાક્ષર ન બની જઈએ, પરંતુ આપણી ભાષાની ગુણવત્તા તો સુધારી શકીએ ને! લખતાં રહીએ; ખૂબ લખીએ; તેમાંથી જે શ્રેષ્ઠ જણાય તેને જાહેર માધ્યમ પર મૂકીએ. હવે મને સમજાય છે કે જાહેર માધ્યમ પર લેખન કાર્ય મારો અધિકાર છે, પણ તે પહેલાં મારી ઘણી મોટી જવાબદારી છે. હું ગુજરાતી ભાષાનાં શ્રેષ્ઠ સર્જનોનો અભ્યાસ કરતો રહીશ. જે કાંઈ લખું તે પૂરતા અભ્યાસ અને મહાવરા પછી જ લખીશ. સભાનતાથી, સતર્કતાથી લખીશ. જે કાંઈ લખીશ, તેને બેપાંચ વાર વાંચી મઠારતો જઈશ. આખરે તો, માણસ માત્ર ભૂલને પાત્ર. આટલી કાળજી પછી પણ ભૂલ રહી જાય તો તે સ્વીકારી બીજી વખત વધારે કાળજીપૂર્વક લખીશ. ભૂલો થતી રહેશે, સુધારતો જઈશ. આમ, નિશ્ચયપૂર્વક પ્રયત્નો કરતો જઈશ તો દિન-પ્રતિદિન ભાષાના મારા જ્ઞાનમાં વધારો થશે અને ગુજરાતીના મારા ધોરણમાં ઉત્તરોત્તર સુધારો.

કોઈ સંપૂર્ણ નથી, હું પણ નથી, હું આજેય ભૂલો કરું છું. પરંતુ આજ કરતાં આવતી કાલે હું સારી ગુજરાતી ભાષા લખતો થઈશ.

મારું ગુજરાતીનું જ્ઞાન બાળગુજરાતીઓને પ્રેરક બનશે. ભવિષ્યની ગુજરાતી પેઢીઓ માટે હું વિશેષ ગુણવત્તા ધરાવતી ગુજરાતી ભાષાની બક્ષિસ આપતો જઈશ. બસ, આજથી આપણા સૌનું એક નાનું સરખું ધ્યેયઃ મારી ગુજરાતી ભાષાની અભિવ્યક્તિ ગઈ કાલ કરતાં આજે થોડી ઊંચી કક્ષાની હોય, અને આવતી કાલે વળી તેનાથી પણ ઊંચી કક્ષાની. આમ, હું ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રસારમાં મારું યોગદાન આપી શકીશ. આપણે સૌ ગુજરાતી ભાષાના સંવર્ધન માટે સાથે પ્રયત્નો કરીશું, તો ગુજરાતી ભાષાને સોનેરી ભાવિ પ્રતિ દોરી શકીશું. ચાલો! સજ્જ થાઓ, મિત્રો! ગુજરાતી ભાષાના પ્રેમીઓને મારી નમ્ર વિનંતી કે આપ આ લેખ આપના પરિચિતોમાં, મિત્રવર્તુળોમાં, સોશિયલ અને જાહેર મીડિયા પર આગળ વહેતો કરશો. માતૃભાષાના ચાહકો સહિયારા પ્રયત્નોથી ગુજરાતીના સંવર્ધનમાં સહયોગ આપશે તેમ મને વિશ્વાસ છે. ધન્યવાદ

હરીશ દવે અમદાવાદ

-----------------------------------------------

મારી ડાયરીનાં પાનામાંથી

ફાધર્સ ડે...

સંસારની રમતો માં પિતા માતાથી ઉતરતા સાબિત થાય,પણ તેમની લાગણી આંખોમાં વ્યતિત થાય.બોલે નહિ પણ જરૂરઆંખોથી ઘણું કહે ને દીકરીની રાહ જુએ..દીકરી પણ પત્રના અક્ષરો પારખી પિતાની વ્યથા સમજી જાય. તારીખ ૧૨નવેમ્બર ને ૧૯૮૮ મારે ત્યા એક દિવાળી કાર્ડ આવ્યું ,અક્ષર જોતા મારાથી બોલાય જવાયું પપ્પાની તબિયતમાં ગરબડ છે.મે ભાઈને ત્યા ફોન કર્યો કે બધા મજામાંને? હૃદય કહેતું હતું તેજ સમાચાર મળ્યા.પપ્પા તો હોસ્પિટલમાં હતા. દીકરી છું,મુંબઈ થી ભરૂચ કેવી રીતે ઊડીને જવું ? દિવાળીનો સમય મારા થી ઘર રેઢું પણ ન મુકાઈ પણ મિત્ર જેવા મિલને મારી આંખોનો વિશાદ વાંચી લીધોને અમે બધા ઘરના ને એક ગાડીમાં બેસાડી ને સાંજે પપ્પા પાસે પહોંચાડી દીધા.કેટલી આભારી હતી હુ મિલનની..હોસ્પિટલમાં પહોંચી ત્યારે પપ્પા બેશુધ્ધ અવસ્થામાં હતા.

ડોક્ટરે હાથ ઊંચા કરી દીધા હતા.

ઓશીકે બેસી મે કહ્યુ હતું ,”પપ્પા હું જયુ જુઓ હું આવી ગઈ” આખી રાત મે આજ રટણ કર્યું ને સવારે સરળતાથી એ પિતાએ આંખ ખોલી ને એજ શબ્દ “ બેન તુ આવી ગઈ” ડોક્ટર ના મોઢામાં થી શબ્દો સરી પડ્યા “’જ miracle “ હા ભગવાને ચમત્કાર સર્જ્યો હતો...ઓશીકા નીચે થી ડોંગરેમહારાજની આપેલી માળા હાથમાં મૂકી ને કહ્યુ આના ક્યારેય ભાગ ન પાડતી. હું સમજી ગઈ વચન આપ્યું હતું મે નહી પાડુ ને બધાને વિદાય કરી હું એમની પાસે રહી ગઈ. બરાબર બપોરના બાર વાગે ફરી બધી જ જવાબદારી હાથમાં સોંપી ને આંખો મીંચી દીધી ...મે મારા પ્રયત્નો કર્યા ને વડોદરા લઈ ગઈ પણ ૧૩મી એ વડોદરા જતા જ એમ્બ્યુલન્સમાં માથું ઉચકી ને માત્ર મોટીબેનનું ઘર જોયું ને એક નાનું હાસ્ય ...આજે એ હાસ્ય જ મારે માટે “ફાધર્સ ડે”ની અમૂલ્ય ભેટ છે. દવાખાને પહોંચતા એ જીવ અચેતન થઈ ગયો. ડોક્ટરોના નિષ્ફળ પ્રયાસો ને ડોક્ટર જે ઘરના અંગત વ્યક્તિ હતા કહી દીધું જો હવે આ જીવે છૂટી જવું એ જ સારૂ ને મે પણ રંગ અવધૂત ને પ્રાર્થના કરી કહ્યું કે .” હે બાપજી, જો થોડી પણ ક્રીસ્ટલ મને મારા પિતાજી એ સેવા કરી હોયતો યાતનામાંથી આ જોગી જીવ ને મુક્ત કરી દે...એ રાતે “દત્તબાવની “ને શબ્દમાંથી ચિત્રીતરૂપે સજીવન કરનાર કલાકાર મારા પિતા પ્રમોદ પટેલ અમને નિરાધાર કરી મોક્ષ ગતિ પામ્યા... ઘરની ઘડિયાળ જેને અટકી જતા ચાવી આપી ફરતી કરનાર ને માન આપવા તે પણ ૭.૩૦ સવારના ..બંધ થઈને અટકી ગઈ હતી...આ પિતા હિંચકા પર બેસી રાહ જોતા “આવી ગઈ બહેન કહી...આવકારો આપતા મારી પાસે આના બે ભાગ નહીં કરતી કહી વચન લઈ જાકારો લઈ ચાલી ગયા.આજે બધા ફાધર્સ ડે ઉજવે છે ત્યારે એ માળા હાથમાં લઈ હું વિચારું છું કે...ત્યારે કેમ નહોતો ઉજવાતો આ દિવસ ?જેમના પત્રના અક્ષરો મને કહી ગયા કે બસ હવે જાઉં છુ કેવી બાપ દીકરી વચ્ચેના અંતરની સમજણ..જેને કહીએ “ટેલીપથી”... આવા પિતાને આ ફાધર્સ ડે એ મારી શ્રધ્ધાજંલિ ..

જયશ્રી પટેલ ( નિર્ણાયક )

NG no. 0007..આરતી અ. મરચંટ

-----------------------------------------------

કરંટ ટોપિક કોરોના પર લાઘવિકા.

વિભાગ : ગદ્ય

કોરોના એક લૂંટારો

કોરોના મહામારીને લીધે આખા ભારત દેશમાં લોકડાઉન જાહેર થયું.પોતાના દૂર સુદુર ગામડાઓમાંથી રોજગાર અર્થે આવેલા લોકોએ શહેરમાં લોકડાઉન જાહેર થવાને કારણે પોતાના ગામ તરફ ઉચાળા ભરવા માંડ્યા.ગીતાંજલી પણ એમાંથીજ એક હતી.કોરોનામાં પોતાના પતિને ગુમાવી ગીતાંજલી પોતાની પાંચ વર્ષની દીકરી લાલીને લઈને ગામના બીજા લોકો સાથે પગપાળાજ ગામની વાટ પકડી.હાથમાં જેટલો ઊંચકાય એટલોજ સામાન, પરંતુ □દય પર સો મણનો પથ્થર અને પાછળ છૂટી ગયેલા પતિની યાદોનું પોટલું લઈને ચાલતી ગીતાંજલીને આગળનું ભવિષ્ય અંધકારમયી લાગી રહ્યું હતું.એના માટે જીવવાનું એક માત્ર કારણ એટલે એની લાડલી દીકરી લાલી હતી. ગામડામાં ઘરને નામે જે ચાર દિવાલો હતી એના ભરોસે એણે હૈયે થોડી હામ રાખી હતી.બે દિવસે પગપાળા પોતાને ગામ પહોંચી, હજી તો ગામની સીમમાં પગ મૂક્યોજ હતો અને ભૂકંપને લીધે ધરતી ધણધણી ઊઠી.મા દિકરી તો બચી ગયા.પરંતુ ઘરના નામે જે ચાર દિવાલ અને છત હતી તે ધારાશાયી થઈ ગયું.ગીતાંજલીની આંખોએ ઉપર ગગન તરફ જોઈ ઊંડો નિઃશ્વાસ નાંખ્યો અને લાલીને પોતાની સોડમાં લઈ લીધી અને બબડી,’ગરીબોને તો ભગવાન પણ ગરીબજ મળ્યો.આ કોરોનાએ તો મારું સર્વસ્વ લૂંટી લીધું.શ્ર?

આરતી અ. મરચંટ....મુંબઈ : કાંદીવલી.

-----------------------------------------------

અમર આશા

"આજે અમરને લંડન જવાને દસ વર્ષ પૂરાં થયાં. આ જીવને બસ એકવાર તેને મળવા માટે રોકી રાખ્યો છે. પછી જે.." બોલતાં રંજનબેન રસોડામાં ગયા એટલે મનહરભાઈ પૂરું વાક્ય સાંભળી ન શક્યા. ભણવા માટે અમરને લંડનના વિઝા મળ્યા ત્યારે રંજનબેને સત્યનારાયણની કથા કરાવી હતી?. ત્યારે અડધા ગામે ચા-પાણીની મિજબાની માણેલી. તેઓ દીકરાને વળાવવા મુંબઈ ગયેલા ત્યાંથી આવીને મુંબઈના એરપોર્ટનું વર્ણન કરતા ગામડાની નાસમજ પ્રજા આગળ રોફ જમાવતા બોલતા પણ ખરા," અરે એ તો નસીબ હોય એને જ આવું જોવા મળે!" અમરનું ભણવાનું પૂરું થયા ને પાંચ વર્ષ થઈ ગયા. મનહરભાઈની ઈચ્છા ખરી કે દીકરો ભલે ત્યાં રહે પણ વર્ષે એકવાર આવીને મળી તો જાય! દીકરો દર દિવાળીએ ભારત આવવાની વાત કરતો. પછી તો દિવાળીની રાહ જોતા મા-બાપની કેટલીયે દિવાળી ગઈ! "તું ક્યારે આવે છે?" પ્રશ્નનો જવાબ એક જ મળતો, "અત્યારે બહું કામ છે. હોપ સો, દિવાળી પર." બાયપાસ સર્જરી કરાવ્યા પછી મનહરભાઈ ઢીલા થઈ ગયા. રંજનબેન દેખાવે તો મજબૂત પણ અંદરથી એક ચિંતા તેમને ઉધઈની જેમ કોરી ખાતી," દીકરો અમારી અંતિમ ઘડીએ પહોંચશે ને?" અષાઢ આવે એટલે રંજનબેન અમરને કાલાવાલા કરવાની શરૂઆત કરી દેતા,"આ વખતે આવશે ને બેટા ? શરીરને તો ગમે તેમ ઝાલી રાખ્યું છે પણ મન હાથમાં રહેતું નથી." રંજનબેન અને મનહરભાઈ દર દિવાળીની આતુરતાથી રાહ જોતાં. દિવાળી આ વખતેય સમયસર આવી પણ ..! રાતે આંગણે દિવા મૂકવા આવેલાં રંજનબેનને કોઈ દિવસ નહીં ને તે દિવસે વિમાનની ઘરઘરાટી સંભળાઈ. "એ સાંભળો, આજે ચોક્કસ અમર મુંબઈ ઉતરશે અને કાલે સવાર સુધીમાં ઘરે આવી જશે." બોલતાં રંજનબેન રસોડામાં ગયાં. થોડીવારમાં રસોડામાંથી વાસણનો ખખડાટ સંભળાયો. "શું દીકરાને વધાવવાની તૈયારી કરે છે ?” હસતાં મનહરભાઈ પૂછતાં રસોડામાં ડોકાયા. સાચે જ રંજનબેન થાળી, દીવો, પાણીનાં લોટાની તૈયારી કરતા હતા. "હરખ પદુડી" કહેતા તેઓ આગળના રૂમમાં આવી ગયા. આગળનું વાક્ય રંજનબેન ન સાંભળી લે તે માટે બહાર આવીને બોલ્યા,"કાલ સવાર ઉગતા હરખ વહી જશે. સમજી જા અમરની મા." સાચે જ બીજી સવારે અમરની ટેક્ષી ઘર આંગણે આવી ઉભી રહી! "બેટા તું ખરા સમયે પહોંચી ગયો. જો તો ખરો તારી માને કઈ એંધાણ મળી ગયાં હશે કે બધી તૈયારી આગલી રાતે કરી જ દીધી હતી!" સળગતો દિવો, બાજુમાં પડેલી પૂજાની થાળી અને લોટા તરફ આંગળી ચીંધી મનહરભાઈએ અમરને જોતા પોક મૂકી. દીકરાએ ભેટમાં લાવેલી શાલ નિશ્ચેતન માને ઓઢાડીને પિતાને બાથમાં લીધા. અમરને શું બોલવું, શું કરવું તે ન સમજાયું. દિલોદિમાગ પર ઉથલપાથલ મચી ગઈ. દુનિયાના સર્વ શ્રેષ્ઠ સંબંધનો ઋણાનુબંધ ચુકવવામાં કરોડપતિ દીકરો વામણો સાબિત થયો! "એક દિવસ વહેલો આવ્યો હોત તો?" પશ્ચાતાપમાં પીગળતા પરદેશી દીકરાને માની લાખો નિરાશામાં છૂપાયેલી એક અમર આશા દઝાડતી રહી.

વંદના વાણી (નિર્ણાયક)

-----------------------------------------------

ગઝલઃ જીવી ગયો છું.

ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગાગા
આંગણે રમતી પરીને જોઈને જીવી ગયો છું,
એક વહાલી દીકરીને જોઈને જીવી ગયો છું.
માથું દુઃખે છે,અરે પપ્પા દબાવી હાલ આપું,
કાલીઘેલી ચાકરીને જોઈને જીવી ગયો છું.
એક લ્યોને,એમ બોલીને બે ભેગી પીરસે છે,
લંબચોરસ ભાખરીને જોઈને જીવી ગયો છું.
બેય થાપા બારણે મારી એ ચાલી નીકળી છે,
કંકુવરણી હાજરીને જોઈને જીવી ગયો છું.
અંત ટાણે મા તરફ જોઈ કહી દીધું,’હું છું ને...’
બસ,એ છેલ્લી ખાતરીને જોઈને જીવી ગયો છું.

ડો. કિશોર ઠક્કર ,ગાંધીધામ. (નિર્ણાયક)

-----------------------------------------------

શીર્ષકઃ- સ્પંદન

ભીડ વચ્ચે એ ચહેરો મનમાં એક સ્પંદન કરાવી ગયું
ભર ઉનાળે જાણે આકાશમાં મેઘધનુષ ખીલાવી ગયું.
આંખોનો એ હળવો પલકારો મારી આંખો ફરકાવી ગયું
મંદમંદ એ સ્મિત મારા ખાલી હૃદયને મલકાવી ગયું.
વિરાન એ રસ્તા પર જાણે ફૂલોની સુવાસ ફેલાવી ગયું
એના શ્વાસની સુગંધ મારી રોમેરોમ મહેકાવી ગયું.
દિલ મનમાં ને મનમાં જાણે બધી ગરિમા ઓળંગી ગયું
મિલનનો એ મોહક વિચાર મારું મન હરખાવી ગયું
મારા યૌવનને ખીલવવા જાણે એ તો પ્રીત પાંગરી ગયું
પ્રણયનાં શમણાં ખીલાવી મનને મારા શરમાવી ગયું.
ખૂલતા આંખો મારું એ સુંદર સ્વપ્ન જાણે વિખરાઈ ગયું
"એન્જલ" ને થયેલ નાજુક "સ્પંદન" આંખોને રડાવી ગયું

આરતી રામાણી "એન્જલ"..જેતપુર...(સહ નિર્ણાયક)



સ્થળ ઉપર જોતા રાતો રાત ફૂટેલા અધિકારીના કારણે કોન્ટ્રાકટર ને સ્થળ ઉપર કામો કરી દીધા અને કોંતરકતરો પણ સ્થળ ઉપર આઈ ગયા એટલે અધિકારી અને કોન્ટ્રાકટર ની મિલી ભગત દેખાઈ આવી સ્થળ ઉપર. ધારાસભ્ય કોંગ્રેસ ના ગામ હેલોદર માં જ અધિકારી એ કીધું કે છેક ડેમ ના ફોટો સાત દિવસ પહેલા આવી ગયા છે અને સ્થળ ઉપર કામ આગલા દિવસ નું જ કરે લું હતું જે ફોટો માં દેખાય છે(પૂર્વ ધારાસભ્ય ધવલ સિંહ ઝાલા ની રજુવાત ને પગલે તંત્ર ની દોડપકડ)

થરા પોલીસ દ્વારા ખાનગી બાતમી આધારે કરી હતી રેડ

## કાંકરેજ તાલુકાના માંડલા ગામે થી જુગાર ધામ ઝડપાયું



પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા પોલીસ દ્વારા ખાનગી બાતમી આધારે માંડલા ગામે જુગાર ધામ ચાલતું હતું ત્યાં અચાનક રેડ કરવામાં આવી હતી જેમાં દસ જેટલા શકુનિયા ને થરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો ત્યારે (૧) જયંતિ દલાજી ઠાકોર (૨) તરસંગજી સેમાજી (૩) પંચાભાઈ રામસિભાઈ પટેલ (૪) મસાજી નથુજી ઠાકોર (૫) જોગાજી માંસુંગજી (૬) પ્રહલાદ મેલાભાઈ રાવળ (૭) બદાજી લાલાજી (૮) છ ગનભાઈ ગણેશ ભાઈ પટેલ (૯) વિનાજી માનસુંગજી ઠાકોર (૧૦) માવુજી સલાજી ઠાકોર રહે તમામ માંડલા તાલુકો કાંકરેજ જિલ્લો બનાસકાંઠા વાળાઓ ને રોકડ રકમ ૭૧૪૦ તેમજ મોબાઈલ ફોન નંગ.૪ કિંમત રૂ.૪૫૦૦ અને મોટર સાયકલ નંગ ૪ કિંમત રૂ.૪૦.૦૦૦ એમ કુલ મળીને ૫૧૬૪૦ રૂપિયા ના મુદ્દામાલ કબજે કરી ને ધરપકડ કરવામાં આવી હતી જોકે બનાસકાંઠા જિલ્લાના પોલીસ વડા ની કડક સૂચના મુજબ થરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોધાયો હતો ત્યારે હાલમાં થરા અને શિહોરી પોલીસ સ્ટેશન નો ચાર્જ બાહોશ પીએસઆઈ એસ વી આહીર આવતાં દારૂ જુગાર પર લાલ આંખ કરતાં આવા તત્વો માં ફફડાટ ફેલાયો છે

## આ સીધું અને સરળ ગણિત નહિ સમજાય ત્યાં સુધી ગુજરાતના પ્રશ્નોનો ઉકેલ નહિ મળે

ગુજરાતમાં બુટલેગરો, જમીન માફિયાઓ, રિયલ એસ્ટેટ માફિયાઓ, ખનીજ માફિયાઓ, શિક્ષણ માફિયાઓ, દવા માફિયાઓ, ટેન્ડર માફિયાઓ, પાણી માફિયાઓ, વીજળી માફિયાઓ, અનાજ માફિયાઓ સહિતના તમામ માફિયાઓ સરકારને પાર્ટી ફંડ આપે, ચૂંટણી લડવા કરોડો નહિ પરંતુ અબજો રૂપિયાનું ફંડ પૂરું પાડે..

સરકાર એ અબજો રૂપિયા ચૂંટણીમાં વાપરે અને તમને ભજીયા, આઈસ્ક્રીમ, ચવાણું, દારૂ, રોકડ, બાઈક, કાર વગેરે લઈ આપે, વિવિધ જ્ઞાતિઓના આગેવાનોને ખરીદે, ધર્મના ઠેકેદારોને ખરીદે, હુલ્લડ કરાવે, હિન્દુ-મુસ્લિમ વિવાદ કરાવે, જ્ઞાતિ-જ્ઞાતિ લડાઈ કરાવે, મીડિયા મેનેજ કરે, તેમજ ચૂંટણી જીતવા જે કરવું પડે તે તમામ ખર્ચો કરે..

સરકારના આવો અબજો રૂપિયાનો પ્રચાર જોઈને પછી હિન્દૂ-મુસ્લિમ નફરત તમારા મનમાં ભરીને અને જ્ઞાતિવાદના આધારે તમે સરકારને મત આપો...

પછી સરકાર પાંચ વર્ષ માટે ઉપરોક્ત તમામને પબ્લિકને લૂંટવાની ખુલ્લી છૂટ આપી દે..

તમે પાંચ વર્ષ સુધી દારૂ બંધ કરાવવા, શાળાની ફી ઘટાડો કરવા, ખનીજ ચોરી અટકાવવા, ખેડૂતોને સિંચાઈના પાણી માટે, ૨૪ કલાક વીજળી માટે, સસ્તી મેડિકલ સારવાર માટે, ભ્રષ્ટાચાર બંધ કરાવવા, કાળાબજાર બંધ કરાવવા, જમીનના કબજા છોડાવવા, ગેરકાયદેસર દબાણ હટાવવા વગેરે માટે પાંચ વર્ષ આંદોલન કરો, કકળાટ કરો, બળતરા કરો..

વળી પાંચ વર્ષે ચૂંટણી આવે ત્યારે પાછા તમામ માફિયાઓ સરકારને ફંડ આપે, સરકાર ચવાણું ખવડાવે, તમારી જ્ઞાતિના દલાલો ખરીદે, તમારા ધર્મ ગુરુ ખરીદે અને તમે પોતે વટથી જ્ઞાતિ અને ધર્મના નામે મત આપો..

ખાનગી શાળાઓ કે બુટલેગરો સરકારને કરોડો રૂપિયા ફંડ છે, અઆજકાલ ફી માફી કરાવવા નીકળી પડેલા બહારવટિયાઓ આપી આપીને સરકારને શું એક મામુલી મત આપે....કરોડો રૂપિયા થોડા આપશે.

ટૂંકમાં આપણે મત વેચીએ છીએ અને સરકાર માફિયાઓના પૈસે મત ખરીદે છે. આ સાયકલ ચાલ્યા જ કરવાની છે..

# પેટ્રોલ,ડીઝલના ભાવ વધારાના વિરોધમાં ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિનું આવેદનપત્ર




લોક ડાઉન ના સમય માં સહાય આપવાને બદલે પેટ્રોલ,ડીઝલ માં ભાવવધારો કરી,જનતા ની હાલત સુધરવાને બદલે વધુ પાયમાલ કરવાની નીતિ ના વિરોધ માં,પેટ્રોલ,ડીઝલ નો ભાવ ઘટાડવા માટે, આજ રોજ ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સાયકલ રેલી,ઘોડા ગાડી તેમજ પગપાળા નીકળીને કલેકટર સાહેબ ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ આવેદનપત્ર આપવા શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રકાશભાઈ વાઘાણી , વિપક્ષ નેતા શ્રી જયદીપસિંહ ગોહિલ , કોંગ્રેસ અગ્રણી ભરતભાઈ બુધેલીયા , પ્રદેશ આગેવાન લાલભા ગોહિલ , પ્રદેશ આગેવાન જગદીશભાઈ જાજડી યા , કોર્પોરેટર કાંતિભાઈ ગોહિલ , રહીમભાઈ કુરેશી , એડવોકેટ સજીદભાઈ કાઝી , જયેશભાઈ ભટ્ટ, ઈબ્રાહીમભાઈ સરવૈયા ,મહેન્દ્રસિંહ ગોહિલ,વિક્રમભાઈ બોરીચા,રસુલભાઈ સૈયદ,ઋષિ સરવૈયા,નરેન્દ્રસિંહ ગોહિલ હાજર રહ્યા હતા.(રિપોર્ટ નઈમ કાગદી ભાવનગર)



સિંચાઈ ના કામોમાં ભ્રષ્ટાચાર ના આરોપ નો મામલો ગાંધીનગર ના અધિકારીઓ એ શરૂ કરી તપાસ સિંચાઈ વિભાગ ના અધિકારીઓ ની ટીમની તપાસ ઉચ્ચઅધિકારીઓ એ હાથધરી તપાસ માલપુર અને બાયડ વિસ્તારમાં શરૂ કરી તપાસ સિંચાઈ ના કામોમાં ગેરરીતિની કરાઈ હતી રજુઆત બાયડ ના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા એ કરી હતી રજુઆત.. કોંગ્રસના ધારાસભ્ય ના માણસો ના કામો ની તપાસ કરવા માટે આવી મંડળી માલપુર અને બયાડ તાલુકા ના તમામ કામો ની થશે તપાસ.......

## અરવલ્લીની બે પંચાયત રાષ્ટ્રીયકક્ષાએ ઝળકી

# ભિલોડા તાલુકા પંચાયત અને બાયડની વજેપુરા કંપા ગ્રામ પંચાયતની શ્રેષ્ઠ કામગીરી




ભારત સરકાના પંચાયતી રાજ વિભાગ દ્વારા દેશમાં ગ્રામિણ વિકાસને લગતી શ્રેષ્ઠ કામગીરી બદલ જિલ્લા-તાલુકા અને ગ્રામ પંચાયતને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેમાં સમગ્ર દેશમાં ગ્રામ્યક્ષેત્રે સામુદાયિક વિકાસના શ્રેષ્ઠ કામ કરવા બદલ તાલુકાકક્ષાએ ભિલોડા પંચાયતનો અને ગ્રામ્યકક્ષાએ બાયડના વજેપુરાકંપાનો સમાવેશ થયો છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામિણ સમુદાયના લોકોમાં જીવન સુધારમાં પરીવર્તન આવે તે માટે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જરૂરી હોય છે અને આવા કામો જિલ્લા પંચાયત, તાલુકા અને ગ્રામ પંચાયત વિકાસના માધ્યમ બનતા હોય છે. આવુ જ અરવલ્લીના ભિલોડા તાલુકા પંચાયત દ્વારા અરજદારોના અરજીઓનો સકારાત્મક નિકાલથી લઈ તમામ યોજનાકીય લાભાર્થીઓને લાભ અપાવવા સહિતની કામગીરી માટે પંડિત દિનદયાલ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર જયારે બાયડની વજેપુરાકંપામાં સો ટકા શૌચાલય, સી.સી રોડ, વીજળીકરણ, ઘરે-ઘરે નળ કનેક્શન, સિંચાઈ પદ્ધતિ, બેંક ખાતા, જળસંચય, પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા, સાક્ષરતા અને આરોગ્ય વિષયક સેવાઓ સુદ્દઢ સેવાઓ તેમજ ચાઈલ્ડ ફ્રેન્ડલી પંચાયત સાથે ગ્રામ પંચાયત ડેવલ્પમેન્ટ પ્લાન (યૂઁ) અંતર્ગત નિયમિત ગ્રામસભાઓ,ઠરાવોનું અમલીકરણ તેમજ વિકાસ કામોને પ્રોત્સાહન આપવા બદલ નાનજી દેશમુખ રાષ્ટ્રીય ગ્રામ સભા પુરસ્કાર વર્ષ- ૨૦૧૮-૧૯ની શ્રેષ્ઠ કામગીરી બદલ કેન્દ્રના પંચાયતી રાજ વિભાગ દ્વારા એવાર્ડ આપવમાં આવ્યો છે.

અત્રો ઉલ્લેખનીય છે કે સમગ્ર રાજયમાં જિલ્લા પંચાયત કક્ષાએ જૂનાગઢ, તાલુકાકક્ષાએ અરવલ્લીના ભિલોડા અને મહેસાણાની ઉંઝા તાલુકા પંચાયત, જયારે કચ્છ-છોટાઉદેપુરની બે-બે અને અરવલ્લી, આણંદ અને રાજકોટની એક ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

## કરણપુર પ્રાથમિક શાળાના યુવાન શિક્ષકનું કમકમાટી ભર્યું મોત

# મોડાસા-ધનસુરા રોડ પર માતેલા સાંઢની માફક ટ્રક કાર પર ફરી વળ્યો

.અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં લોકડાઉનમાં અકસ્માતની ઘટનાઓ નહિવત બની હતી લોકડાઉન અનલોક થતા અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે જીલ્લામાં વધુ એક અકસ્માતની ઘટનામાં રમાણા ગામના અને ધનસુરા તાલુકાની કરણપુર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આશાસ્પદ યુવાન શિક્ષક ગોપલ ભાઈ ભરવાડની કારને રહિયોલ રેલવે ફાટક નજીક ટ્રક-કન્ટેનરે અડફેટે લેતા કારના આગળના ભાગનો કડૂચાલો વળી જતા કારચાલક શિક્ષકનું કારની અંદર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતની ઘટનાના પગલે પરિવારજનો અને સગા-સંબંધીઓ ઘટનાસ્થળે દોડી પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી ધનસુરા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ભરવાડ સમાજના આશાસ્પદ યુવાન શિક્ષકનું અકસ્માતમાં મોત નિપજતાં મોટી સંખ્યામાં ભરવાડ સમાજના અગ્રણીઓ દવાખાને પહોચ્યાં હતા . પ્રાપ્ત માહિતી મુજબ,ધનસુરા તાલુકાના રમાણા ગામના અને કરણપુર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ગોપાલ ભાઈ ભરવાડ ધનસુરામાં બેંકના કામકાજ અર્થે મોડાસા થી ધનસુરા તરફ કાર લઈ નીકળ્યા હતા રહિયોલ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ધનસુરા તરફથી માતેલા સાંઢની માફક પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રક-કન્ટેનરે કારને સામેથી ધડાકાભેર ટક્કર મારતાં કારના આગળની બાજુના ફૂરચે ફુરચા નીકળી જતા કારચાલક ગોપાલભાઈ ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કારમાં જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું અકસ્માતના પગલે મોડાસા-ધનસુરા રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા અકસ્માતના પગલે ધનસુરા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કારમાં ફસાયેલ યુવકના મૃતદેહને ભારે જહેમત બાદ કારમાંથી બહાર કાઢી પીએમ માટે સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

રમાણા ગામના આશાસ્પદ યુવાન શિક્ષક ગોપાલ ભાઈ ભરવાડનું અકસ્માતમાં મોત નિપજતા ભરવાડ સમાજ, ધનસુરા પંથક અને શિક્ષણ આલમમાં શોકનું મોજું ફરી વળ્યું હતું





આજે નરોડા માં આવેલ SNME કેમ્પસની એ-વન ઝેવિયર્સ સ્કૂલ અને સત્યમ વિદ્યાલય ના શિક્ષક ગણે ચાઈનીઝ પ્રોડક્ટ અને ચાઈનીઝ એપ્લિકેશન નો બહિષ્કાર કરીને આપણા દેશના શહીદ થયેલા વીર સૈનિકો ને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી તેમજ પ્રતિજ્ઞા લીધી હતી કે શિક્ષકો દ્વારા સમાજ, વિદ્યાર્થીઓ અને વાલીઓને આત્મનિર્ભર ભારત બને એ વિષયનું જ્ઞાન પૂરું પાડીશું તેમજ ચાઈનીઝ પ્રોડક્ટ અને એપ્લિકેશનનો સમાજમાંથી તેમજ ભારતભર માંથી બહિષ્કાર થાય અને ભારત દુનિયામાં મજબૂત રાષ્ટ્ર બને એવી પ્રતિજ્ઞા લીધી હતી.જય હિન્દ જય ભારત...

# કથાકાર મોરારીબાપુ ઉપર પૂર્વ ધારાસભ્ય પબુ માણેક દ્વારા હુમલાનો પ્રયાસ

ભગવાન શ્રીકૃષ્ણ અંગે વિવાદસ્પદ નિવેદન બાદ આહિર સમાજ સહિત લોકો મોરારીબાપુ સામે રોષે ભરાયા છે. આહિર સમાજની માંગ કરી કે મોરારીબાપુ દ્વારિકામાં આવી ભગવાન શ્રીકૃષ્ણથી માફિ માંગે. આથી મોરારીબાપુ આજે દ્વારકા પહોંચ્યા હતા. ત્યાં એક બેઠક વખતે દ્વારકાના પૂર્વ ધારાસભ્ય પબુ માણેક દ્વારા તેમના પર હુમલો કરવાનો પ્રયાસ કરાયો હતો.

# દાહોદ જિલ્લાના ફતેપુરામાં લાયસન્સ વિના ખાતરનું વેચાણ-સંગ્રહ કરતાં શખ્સને ઝડપી લેવામાં આવ્યો

## ખેડૂતોએ ફક્ત લાયસન્સ ધરાવતા વેપારીઓ પાસેથી જ ખાતર ખરીદવું




અભેસિંહ રાવલ, તા. ૧૮ : દાહોદ જિલ્લામાં લાયસન્સ વિના ખાતરનું વેચાણ કરી રહેલા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જિલ્લાના ફતેપુરામાં અનધિકૃત રીતે ખાતરના જથ્થાનું વેચાણ અને સંગ્રહ કરતાં એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે. ખેતી અધિકારી, ફતેપુરા દ્વારા તપાસ દરમિયાન ખંડેલવાલ કૃષ્ણકુમાર નંદકિશોરને રૂ. ૧૨૧૦૦/-ની કિંમતના ખાતરના ૧૨ થેલાઓને લાયસન્સ વિના વેચતા જણાતા જપ્ત કરવામાં આવ્યા છે.

દાહોદના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)એ આપેલી માહિતી મુજબ, કૃષ્ણકુમાર ખંડેલવાલ લાયસન્સ કે રજીસ્ટ્રેશન વિના ખાતરનો જથ્થો ખેડૂતોને વેચાણ કરી રહ્યા હતા. આ ખાતરના જથ્થામાં ૧૦ બેગ નાઈટ્રો ફોરેસ્ટ ૫૦ કિ.ગ્રા. અને હિન્ડાલકો લિ. ની ખાતરની ૨ બેગ ડીએપી જેની કિંમત રૂ.૧૨૧૦૦/- જેટલી થાય છે તે જપ્ત કરવામાં આવી છે. કંપનીઓ લાયસન્સ વિનાના ડિલરોને ખાતર સપ્લાય કરે છે તેમની સામું પણ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દાહોદના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)એ ખેડૂતોને ફક્ત લાયસન્સ ધરાવતા વેપારીઓ પાસેથી જ ખાતર ખરીદવા માટે જણાવ્યું છે.

## જિલ્લા વહીવટી તંત્ર દાહોદ દ્વારા આરોગ્ય વન,

# રાબડાલના પ્રવેશદ્વારની ડિઝાઈન તૈયાર કરવા માટે નાગરિકોને આહ્વાન

અભેસિંહ રાવલ ,દાહોદ, તા. ૧૮ : દાહોદના પ્રાકૃતિક આભૂષણ સમાન આરોગ્ય વન નગરજનોમાં પર્યટન સ્થળ તરીકે લોકપ્રિય બન્યું છે. અત્યાર સુધી હજારો લોકોએ આરોગ્ય વનની મુલાકાત લીધી છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર, દાહોદ દ્વારા આરોગ્ય વન, રાબડાલના પ્રવેશદ્વારની ડિઝાઈન તૈયાર કરવા માટે નાગરિકોને સહભાગી બનાવવાના હેતુથી ઈજન આપવામાં આવ્યું છે. શ્રેષ્ઠ ડિઝાઈન તૈયાર કરનારનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રશંસાપત્ર અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવશે.

જિલ્લા કલેક્ટર શ્રી વિજય ખરાડીએ આ બાબતે માહિતી આપતા જણાવ્યું કે, આરોગ્ય વન, રાબડાલને વધુ આકર્ષક બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર આયોજન કરી રહ્યું છે ત્યારે જિલ્લાના આ આગવા નજરાણા સમાન આરોગ્ય વનના પ્રવેશદ્વારની ડિઝાઈન તૈયાર કરવા માટે નાગરિકોને પણ જોડવામાં આવે તો તેઓ જિલ્લાના વિકાસમાં વધુ રસ દાખવશે અને આ વિકાસકાર્યોમાં જોડાવા માટે જાગૃત બનશે. માટે આરોગ્ય વન રાબડાલના પ્રવેશદ્વારની ડિઝાઈન તૈયાર કરવા માટે નાગરિકોને સહભાગી બનવા તંત્ર દ્વારા ઈજન આપવામાં આવ્યું છે. સર્વશ્રેષ્ઠ ડિઝાઈન તૈયાર કરનારનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રશંસાપત્ર અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવશે.

નાગરિકો આ માટે આગામી ૩૦ જુન સુધીમાં આ વોટસ અપ નંબર ૮૯૮૦૯૩૪૧૯૧ પર પોતાની એન્ટ્રી મોકલવાની રહેશે. જિલ્લાના વિકાસકાર્યોમાં રસ લઈ વધુમાં વધુ નાગરિકોને આ સ્પર્ધામાં ભાગ લેવા જિલ્લા કલેક્ટરશ્રી એ જણાવ્યું છે.

# કોલવડા ગામના દિલીપભાઈ પટેલ અને પાટીદાર યુવક મિત્ર મંડળના દરેક સભ્યો બીજા માટે પ્રેરણારૂપ બન્યા

જય ભારત સાથે જણાવવા માંગુ છું કે ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામ નું એક એવુ વ્યક્તિત્વ જેનુ નામ દિલીપભાઈ પટેલ (શિવરામ) જેઓ સેક્ટર ૧૭ ખાતે આવેલ ડો. ઠેકડી સાહેબ ના ત્યાં ડ્રાઈવર માં પોતાની ફરજ બજાવે છે. જેની સાથે સાથે છેલ્લાં ૪ વર્ષ થી કોલવડા ગામ માં આવેલ કોલવડા પાટીદાર મુક્તિધામા માં દરરોજ સવાર ના ૭ વાગ્યા થી ૯ વાગ્યા સુધી ત્યાં નિસ્વાર્થ ભાવે સાફ સફાઈ, પક્ષીઓને દાણ, તથા મુક્તિધામ ની જાળવણી કરતાં આવ્યા છે. આ કાર્ય થી પ્રેરાઈ કોલવડા ગામ ના પાટીદાર યુવક મિત્ર મંડળ ના યુવાનો અને



સ્વ.શ્રી પટેલ સોમાભાઈ નાથાલાલ શિવદાસના સ્મરણાથે તેમના પરિવાર તરફથી કોલવડા પાટીદાર મુકિતધામને કલરકામ કરાવીને મુકિતધામને સુશોભિત અને રમણીય બનાવવામાં યોગદાન આપ્યુ છે. સ્વતંત્રતા આંદોલન માં બાપુ ની પાછળ ચાલવાનો અવસર ભલે આપણને ના મળ્યો હોય પરંતુ તેઓના ચિંધેલા માર્ગે ચાલવું એ આપણુ કર્તવ્ય છે. આપણી નાની નાની શક્તિઓ દેશના મહા સંકલનો નું સમર્થન બને છે. આપણા વિચારોમાં દેશ હોય, દેશ હિત હોય એજ આપણને અનંતકાળ સુધી દિશા નિર્દેશ કરે છે. ત્યારે આ કોરોનાના કહેર માં ઘરે બેસીને આવા સુંદર વિચારસરણી વાળા કોલવડા ગામ ના દિલીપભાઈ પટેલ (શિવરામ) અને પાટીદાર યુવક મિત્ર મંડળ ના દરેક સભ્યો બીજા માટે પ્રેરણારૂપ બન્યા છે.

## મોડાસા નાગરિક બેંકનો કર્મચારી કોરોનાગ્રસ્ત થતા ત્રણ દિવસ બેંક બંધ

# શહેરમાં વધુ ૪ કોરોના પોઝેટીવ કેસ નોંધાતા આંક ૭૦ પર, જીલ્લામાં ૧૬૮ કેસ

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જેને કારણે હાલમાં અરવલ્લી જિલ્લાની સ્થિતિ જોતા ટુંક સમયમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ કોરોનાના દર્દીઓ ધરાવતો જીલ્લો બને તો નવાઈ નહિ. ખાસ કરીને છેલ્લા કેટલાક દિવસથી મોડાસા શહેરમાં જ કોરોનાનું સંક્રમણ ખુબ ઝડપી વધી રહ્યું છે. જેને લઈ શહેરમાં પોઝિટિવ આંક ૭૦ પર પહોંચી ગયો છે. ગુરૂવારે મોડાસા શહેરમાં ૪ કેસ અને શહેરને અડીને આવેલા સબલપુર ગામમાં ૧ પોઝિટિવ કેસ નોંધાતા જિલ્લામાં કુલ ૧૬૮ કેસ પોઝિટિવ નોંધાયા છે.મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ ફેલાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે બુધવારે મોડાસા નાગરિક સહકારી બેંકનો કર્મચારી કોરોનામાં સપડાતા હડકંપ મચ્યો છે બેંક કર્મચારીનો રિપોર્ટ પોઝેટીવ આવતાં આરોગ્ય વિભાગન ગાઈડલાઈન અનુસાર ત્રણ દિવસ બેંકને તાળા મારી દેવામાં આવ્યા છે મોડાસા શહેરમાં કોરોનાના સંક્રમણનું સંકટ ઘેરું બનતાં માર્કેટયાર્ડમાં કરિયાણાના દુકાનધારકોએ અડધો દિવસ દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય લીધો છે

ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સૌથી વધુ સંક્રમણ મોડાસા શહેરમાં જોવા મળી રહ્યું છે. શહેરમાં દિનપ્રતિદિન સતત કેસોમાં વધારો થઈ રહ્યો છે. જેમાં પ્રતિદિન શહેરમાં કોરોનાના ત્રણ થી ૫ કેસ નોંધાઈ રહ્યા છે. બુધવારે તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પણ સંબોધન કરવામાં આવ્યું હતું કે હવે દેશમાં લોકડાઉન કરવામાં આવશે નહિ. જેને કારણે અફવાથી દૂર રહેવાનું જણાવ્યું હતું. જેની વચ્ચે બુધવારે મોડાસા શહેરમાં બે અને તાલુકામાં ૧ મળી ત્રણ પોઝેટીવ કેસ નોંધાયા બાદ શહેરમાં કોરોનાની રફ્તાર યથાવત રહેતા વધુ ૪ ચાર પોઝિટિવ કેસ નોંધાતા ચકચાર મચી ગઈ છે મોડાસા શહેરના બજારો અને જાહેરસ્થળોએ એકઠી થતી ભીડ કોરોના સંક્રમણને આવકારી રહી હોય તેવું લાગી રહ્યું છે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું ન હોવાથી આગામી સમયમાં કોરોના વિસ્ફોટ થાય તો નવાઈ નહિ લોકો બેદરકાર જણાઈ રહ્યા છે જે આગામી સમયમાં ઘાતક સાબિત થઈ શકે છે જીલ્લાવાસીઓ માટે તેવું લાગી રહ્યું છે

મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં કોરોનાનું લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમીશન આગામી સમયમાં ભયાનક સાબિત થઈ શકે છે ગુરુવારે નોંધાયેલ શહેરના ૪ કોરોના પોઝેટીવ કેસ લઘુમતી સમાજમાં નોંધાયા છે જેમાં અલહયાત સોસાયટીના ૫૮ વર્ષીય મહિલા,દરિયાઈ સોસાયટીની ૪૮ વર્ષીય મહિલા, બેલીમવાડાના ૪૮ વર્ષીય આધેડ, અને નવાજી ફળીનો ૨૮ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે મોડાસા શહેરને અડીને આવેલા સબલપુર ગામનો ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પણ પોઝેટીવ આવતાં સતત વધી રહેલા કોરોનાના કહેરથી લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે જીલ્લામાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩૦ પર પહોંચી છે આરોગ્ય વિભાગ દ્વારા પરિવારના સભ્યોને કોરોન્ટાઈન કરી સર્વેની કામગીરી હાથધરી હતી વહીવટી તંત્રએ કોરોના પોઝેટીવ દર્દીઓના ઈફેકેટેડ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરીયા જાહેર કરવાની કામગીરી હાથધરી હતી અને સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# અંબાજી ખાતે માસ્ક પહેર્યા વગર ફરતા લોકો પર અંબાજી પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાઈ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

હાલમાં જયારે કોરોના વાયરસનો સંકટે ભારત પર યથાવત છે. ત્યારે ભારત સરકાર દ્વારા લોકડાઉન બાદ હવે અનલોક-૧ ની જાહેરાત કરાઇ છે અને અનલોક-૧ માં અમુક છૂટછાટ સાથે વેપાર ધંધા ખોલવાની પરવાનગી અપાઇ છે અને સરકાર દ્વારા અમુક ગાઇડ લાઇન્સ પણ જાહેર કરવામાં આવી છે. ત્યારે ગાઇડ લાઇન્સ પ્રમાણે સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવું ફરજિયાત જેવી વસ્તુઓનું ચોક્કસ પણે પાલન કરવાનું રહેશે. ત્યારે



બનાસકાંઠા જિલ્લાના અંબાજી પંથકમાં લોકો માસ્ક વગર ફરતા હતા અને સરકારની ગાઇડ લાઇન્સના ધજાગરા ઉડાડતા જોવા મળ્યા હતા. ત્યારે અંબાજી પોલીસ દ્વારા સરકારની ગાઇડ લાઇનને ધ્યાનમાં રાખીને જે લોકો માસ્ક વગર ફરતા હતા તેમને રોકી અને ૨૦૦ રૂપિયાની પાવતી આપી અને દંડ વસૂલાયો છે અને કુલ બે દિવસમાં ૫૦ કરતા ઉપરાંત માસ્ક વગર ફરતા લોકો પાસેથી દંડ વસુલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.